Friday, 28 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૩૦૦ ● સંવત-૨૦૮૨ માગશર સુદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




# દીવ ખાતે એરપોર્ટ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## દીવ એરપોર્ટ ખાતે વિવિધ સુવિધાઓ ઉભી કરવા અને સેવાઓમાં વધુ સુધારો કરવા તથા એરપોર્ટને વધુ મૈત્રીપૂર્ણ બનાવવા માટે કરવામાં આવી ચર્ચા-વિચારણા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૭**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે હોટેલ તાજ ફોર્ટમાં એરપોર્ટ સલાહકાર સમિતિ (AAC)ની બેઠક યોજાઈ હતી, જેમાં એરપોર્ટ ડારેક્ટર શ્રી અજયચંદ્ર શ્રીવાસ્તવ, એસ.ડી.એમ. શ્રી શિવમ મિશ્રા, એસ.ડી.પી.ઓ. શ્રી રાહુલ બલ્હારા, CASO-CISF, એરલાઈન પ્રતિનિધિઓ અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે અધ્યક્ષતા કરી હતી. એરપોર્ટ સલાહકાર સમિતિની બેઠકમાં એરપોર્ટ ઉપર વિવિધ સુવિધાઓ અને સેવાઓમાં વધુ સુધારો કરવા તથા એરપોર્ટને વધુ મૈત્રીપૂર્ણ બનાવવા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન પ્રાદેશિક અને રાષ્ટ્રીય કનેક્ટિવિટી સુધારવા માટે વધારાની એરલાઈન સેવાઓ શરૂ કરવા, વિમાન સંચાલન માટે વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા અને કાર્યાન્વિત કામોને ઝડપથી પૂર્ણ કરી સુરક્ષા માળખાને મજબૂત બનાવવા માટે પણ સમીક્ષા કરવામાં આવી હતી. એરપોર્ટ સલાહકાર સમિતિ દ્વારા મૂલ્યવાન સૂચનો આપવા અને એરપોર્ટના સર્વાંગી વિકાસ અને મુસાફરોના અનુભવને વધારવા માટે સામૂહિક રીતે કાર્ય કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે.

### ‘તમારી મૂડી, તમારા અધિકારો’ અભિયાન હેઠળ નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ પરત કરવા માટે

# આજે એસ.બી.આઈ. સહિતની બેંકો દ્વારા દમણ જિલ્લામાં દુણેઠા અને ભેંસલોર ગ્રા.પં. ખાતે મેગા કેમ્પનું આયોજન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૭**

દમણની અગ્રણી બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને જિલ્લાની અન્ય બેંકોએ ‘તમારી મૂડી, તમારા અધિકારો’ અભિયાન હેઠળ નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ પરત કરવા માટે આવતી કાલે શુક્રવારે નાની દમણના દુણેઠા-ભેંસલોર ગ્રામ પંચાયત કચેરી અને કોમન્યુનિટી સેન્ટરના પ્રથમ માળે એક મેગા કેમ્પનું આયોજન કર્યું છે. આ મેગા કેમ્પ આવતી કાલે સવારે ૧૧:૦૦ વાગ્યે કોમ્યુનિટી સેન્ટરના પ્રથમ માળે, દુણેઠા-ભેંસલોર ગ્રામ પંચાયત કચેરી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની દમણ શાખા અને જિલ્લા અન્ય વિવિધ બેંકો દ્વારા યોજાશે. આ કેમ્પમાં દમણ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, ભારતીય રિઝર્વ બેંકના અધિકારીઓ તથા અન્ય નાણાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. તેથી જરૂરી દસ્તાવેજો જમા કરી ચુકેલા અને માન્ય દાવો ધરાવતા થાપણદારો અથવા તેમના કાનૂની વારસદારો આ કેમ્પમાં હાજરી આપી શકે છે અને તેમના ભંડોળ મેળવી શકે છે. લાગતા-વળગતા તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ આ મહત્ત્વપૂર્ણ શિબિરમાં ઉપસ્થિત રહે અને તેમની હક્કની રકમ પરત મેળવે.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય એવા ખાતાધારકો અથવા તેમના કાનૂની વારસદારોને ભંડોળ પરત કરવાનો છે જેમના બેંક ખાતા ૧૦ વર્ષથી વધુ સમયથી નિષ્ક્રિય છે અને જેમના ભંડોળ ભારતીય રિઝર્વ બેંકના ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (DEAF)માં જમા કરવામાં આવ્યા છે.

ભારત સરકારના નાણાકીય સેવાઓ વિભાગ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(આર.બી.આઈ.) ૧ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવી રહ્યા છે. આ અભિયાન હેઠળ, આવા ખાતાધારકોને મદદ કરવા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવશે. એક અગ્રણી બેંક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ બેંકો આ મેગા કેમ્પનો પ્રચાર સુનિશ્ચિત કરશે જેથી ખાતરી કરી શકાય કે માહિતી શક્ય તેટલા લાભાર્થીઓ સુધી પહોંચે અને નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ તેમના હકદાર માલિકોને પરત કરી શકાય.

### સેલવાસ હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા

# ‘બંધારણ દિવસ’ની ઉજવણીના ઉપલક્ષમાં ‘યુથ નીતિ-૨૦૨૫’ અને ‘યુથ પાર્લામેન્ટ સત્ર’નું કરાયેલું આયોજન

## ‘‘જ્યારે યુવાઓ ફક્ત દર્શક નહીં, પણ સક્રિય સહભાગી બને છે ત્યારે લોકશાહી મજબૂત બને છે’’: લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહ ચૌહાણ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

સેલવાસના હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા બુધવાર, ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ કોલેજ પરિસરમાં ‘બંધારણ દિવસ’ની ઉજવણીના ઉપલક્ષમાં ‘યુથ નીતિ-૨૦૨૫ અને ‘યુથ પાર્લામેન્ટ’ સત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફતેહસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં અન્ય અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

આ પ્રસંગે વ્યવસ્થાપન સમિતિ અને શૈક્ષણિક સંસ્થાઓના અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા, જેમાં ઉપ પ્રમુખ શ્રી અનંતરાવ ડી. નિકમ, સચિવ શ્રી કુલદીપ સિંહ મુન્દ્રા, ખજાનચી શ્રી વિશ્વેશ દવે, સંયુક્ત ખજાનચી શ્રી હીરાભાઈ પટેલ, વ્યવસ્થાપન સમિતિના સભ્ય ડૉ. અનુકુલ નિકમ, શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. સીમા પિલ્લઈ,

- (વધુ પાના નં.૨ પર)

### ભોપાલની પ્રાદેશિક શિક્ષણ સંસ્થા શ્યામલા હિલ્સ ખાતે આયોજીત ૬ દિવસીય પ૨મા રાષ્ટ્રીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં

# દાનહના નરોલીની ઓમકાર વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ લીધેલો ભાગ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

પ્રાદેશિક શિક્ષણ સંસ્થા શ્યામલા હિલ્સ, ભોપાલ(મધ્યપ્રદેશ) ખાતે આયોજીત છ દિવસીય પ૨મા ‘રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પ્રદર્શન’માં સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના નરોલીની ઓમકાર વિદ્યામંદિર શાળાના વિદ્યાર્થીઓ શ્રી કૃતાલ માર્ગે, શ્રી દર્શ પટેલ અને શ્રી ભાવેશ માલવિયાએ ભાગ લીધો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વિજ્ઞાન અને ગણિત શિક્ષણ વિભાગ એન.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ભારતભરના યુવા સંશોધકોને તેમના વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ અને વિચારો પ્રદર્શિત કરવાનો અવસર મળ્યો હતો. ઓમકાર વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૨૯ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓ સાથે તેમની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક કુશળતા દર્શાવી હતી.

છ દિવસીય કાર્યક્રમમાં અગ્રણી વૈજ્ઞાનિકો સાથે ઈન્ટરેક્ટિવ સત્રો, સાંસ્કૃતિક પ્રદર્શનો અને અગ્રણી સંસ્થાઓની શૈક્ષણિક મુલાકાત પણ હતી. વિદ્યાર્થીઓ, પ્રદર્શકો, માર્ગદર્શક શિક્ષકો અને શાળાઓને તેમના ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઓમકાર વિદ્યામંદિર શાળાના આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.






## સુવિચાર - સદ્વિચાર

જીવન એ પુસ્તક છે, દરેક પાનું કંઈક નવું શીખવે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### કાં લાગણી, કે વિરહ, કાં હોય છે વેદના

કાં લાગણી, કે વિરહ, કાં હોય છે વેદના,
મે તો ગઝલમાં મુકી છે. માત્ર સંવેદના.

થાતો નથી તે થકી ના હક પસ્તારવો મને,
જો કે હતાં તે સબંધ ઉડી ગયેલ છેદના.

છોડી જરા જો, તું માયા આ દર્પણની પછી,
જાણી જશે ચેહરા છે કેટલા ભેદના.

આજે અહી આવ કાં પુછવા ખબર મુજ તણી,
તારી કને હોય છે કારણ ઘણા ખેદના.

છોડી શકો ના તમે ''અકબર'' રજડતી બધે,
દિલને દુઃખાવે ભલેને દિલ તણી વેદના.

**- અકબર મામદાની**

## આજની જોક

એક દોસ્ત - યાર, મારે જો કોઈ વાતનો જવાબ આપવો હોય તો દિલથી આપવો કે દિમાગથી ?
બીજો દોસ્ત - તારી પાસે જે હોય તેનાથી આપજે.

## કબીર વાણી

**કબીર! માયા મોહિની, માંગી મિલે ન હાથ;**
**મન ઉતાર જુઠી કરે, તબ લગ ડોલે સાથ.**

**- અર્થાત-**

ઓ કબીર! એ માયા ઘણીજ મોહ પમાડનારી યાને લલચાવનારી છે, તેને માંગવાથી યાને શોધવા જતાં તે હાથ આવતી નથી; મન દુનિયાંમાંથી ઉતરી જાય અને દુનિયાં આખી જુઠી દેખાય, છતાં માયા તો સાથેની સાથેજ રહે છે, તે કાંઈ માણસને છોડતી નથી.

## આજનો દિન વિશેષ

### ચંદ્ર કુમાર અગ્રવાલા

ચંદ્ર કુમાર અગ્રવાલ (૨૮ નવેમ્બર ૧૮૬૭ - ૨ માર્ચ ૧૯૩૮) એક આસામી લેખક, કવિ, પત્રકાર હતા. તેઓ જોનાકી યુગના પ્રણેતા છે, આસામી સાહિત્યમાં રોમેન્ટિક યુગ છે. આસામી સાહિત્યમાં અગ્રવાલાને પ્રતિમાર ખૂનીકોર નામ આપવામાં આવ્યું હતું. અગ્રવાલ તેમના નજીકના મિત્રો લક્ષ્મીનાથ બેઝબરુઆ અને હેમચંદ્ર ગોસ્વામી સાથે જોનાકી પત્રિકાના પ્રથમ સંપાદક અને ફાઈનાન્સર હતા અને આસામની સાહિત્યિક સંસ્થા ઓક્સોમિયા ભક્સા ઉન્નતિ જાધિની ઝોભાના સ્થાપક સભ્ય હતા. અગ્રવાલ, તેમના મિત્રો લક્ષ્મીનાથ અને હેમચંદ્ર સાથે, આધુનિક આસામી સાહિત્યની શરૂઆતમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે ''આસામી સાહિત્યની ટ્રિનિટી'' તરીકે ઓળખાય છે. ચંદ્ર કુમાર અગ્રવાલ લેખક અને કવિ આનંદ ચંદ્ર અગ્રવાલના ભાઈ અને જાણીતા કવિ, નાટ્યકાર, સંગીતકાર, ગીતકાર, લેખક અને પ્રથમ આસામી ફિલ્મ નિર્માતા જ્યોતિ પ્રસાદ અગ્રવાલના કાકા હતા.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ**

ચંદ્ર કુમાર અગ્રવાલનો જન્મ ૨૮ ઓક્ટોબર ૧૮૬૭ના રોજ સોનિતપુર જિલ્લાના ગોહપુર નજીક બ્રહ્મજનમાં થયો હતો. તેઓ હરિબિલાષ અગ્રવાલ (૧૮૪૨-૧૯૧૬)ના બીજા પુત્ર હતા. તે આસામના સમૃદ્ધ વેપારી પરિવારમાંથી આવ્યો હતો. ચંદ્ર કુમારે તેજપુરમાં શિક્ષણની શરૂઆત કરી હતી. એફએ પાસ કર્યા પછી, તેણે તે જ કોલેજના બીએ ક્લાસમાં પ્રવેશ લીધો, પરંતુ બીએ પૂર્ણ કર્યા વિના ઘરે પરત ફર્યા.

**સાક્ષરતા કાર્ય**

**તેમના કેટલાક કાવ્ય પુસ્તકો છે:**


બોન કુંવોરી (પ્રથમ આસામી રોમેન્ટિક કવિતા)
પ્રતિમા (પ્રતિમા) (૧૯૧૪),
બિન-બોરાગી (બિનબગી) (૧૯૨૩),
ચંદ્રામૃત (ચંદ્રામ્ત)(૧૯૬૭)

**મૃત્યુ**

ચંદ્ર કુમાર અગ્રવાલનું ૨ માર્ચ ૧૯૩૮ ના રોજ ગુવાહાટી, આસામમાં ઉઝાન બજારમાં તેમના ઘરે અવસાન થયું.

## પ્રવાસઃ કાળિકા માતા મંદિર, પાવાગઢ

કાળિકા માતાજી મંદિર એ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ચંપાનેર-પાવાગઢ પુરાતત્ત્વ ઉદ્યાન ક્ષેત્રમાં આવેલ, હિંદુ દેવી કાળિકા માતાજીનું મંદિર છે. આ મંદિર પાવાગઢ પર્વતની ટોચ પર આવેલું છે. તેનું નિર્માણ ૧૦ મી અથવા ૧૧ મી સદીની આસપાસ થયું હતું. મંદિરમાં ત્રણ દેવીઓની મૂર્તિઓ છે: કેન્દ્રીય મૂર્તિ કાળિકા માતાજીની છે, જેની ડાબી બાજુએ માં કાળી માતાજી અને જમણી બાજુએ માં બહુચર માતાજીની મૂર્તિઓ છે. સુદ ૮ ના દિવસે મંદિર ખાતે મેળો ભરાય છે. જેમાં સહસ્ત્ર (હજારો) ભક્તો આવે છે. આ મંદિર એક શક્તિપીઠ છે. જ્યાં ઉડનખટોલા (રોપ-વે) દ્વારા સરળતાથી મંદિરમાં પહોંચી શકાય છે.



કાળિકા માતાજી મંદિર ભારતના ગુજરાત રાજ્યમાં હાલોલની નજીક, દરિયાની સપાટીથી ૭૬૨ metres (૨,૫૦૦ ft) ઊંચાઈ પર આવેલ મંદિર સંકુલ છે. આ મંદિર સંકુલ ચાંપાનેર-પાવાગઢ પુરાતત્ત્વીય ઉદ્યાનનો એક ભાગ છે, તથા યુનેસ્કો દ્વારા ઘોષિત વિશ્વ ધરોહર સ્થળ છે. આ મંદિર ગાઢ જંગલ વચ્ચે એક સીધા ખડક ઉપર આવેલું છે.

મુખ્ય રસ્તાથી ૫ કિ.મી.ના જેટલા જંગલમાંથી પસાર થતા માર્ગે મંદિર સુધી પહોંચી શકાય છે. આ રસ્તો પટાઈ રાવલના મહેલના ખંડેરોમાંથી પસાર થાય છે. વૈકલ્પિક રીતે, ઉડનખટોલા (રોપ-વે) દ્વારા પણ ઉપર પહોંચી શકાય છે, આ રોપ-વે ૧૯૮૬ માં આરંભ કરવામાં આવ્યો હતો.

### મેડિકલ કોલેજ લાંચકાંડમાં EDના દરોડા

# ગુજરાત સહિત ૧૦ રાજ્યોમાં ૧૫ સ્થળોએ ઈડીની કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગુરુવારે મેડિકલ કોલેજો અને સરકારી અધિકારીઓ સાથે સંકળાયેલા એક મોટા લાંચકાંડના સંબંધમાં દેશવ્યાપી કાર્યવાહી હાથ ધરી છે. EDની ટીમોએ ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, બિહાર, ઉત્તરપ્રદેશ અને દિલ્હી એમ કુલ ૧૦ રાજ્યોમાં ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા છે, જેના કારણે મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની આ કાર્યવાહી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ દાખલ કરવામાં આવેલી એફઆઈઆર (FIR) પર આધારિત છે. આ FIRમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, કેટલીક મેડિકલ કોલેજો દ્વારા સરકારી અધિકારીઓને મોટી લાંચ આપવામાં આવી હતી. જેમાં નેશનલ મેડિકલ કમિશન (NMC)ના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ લાંચ કોલેજોના ઈન્સ્પેક્શન સંબંધિત ગુપ્ત માહિતી મેળવવા માટે આપવામાં આવી હતી. આરોપ છે કે આ ગુપ્ત માહિતી કોલેજોના મુખ્ય સંચાલકો અને વચેટિયાઓને પહોંચાડવામાં આવતી હતી. આ માહિતીનો ઉપયોગ કરીને, આરોપીઓ ઈન્સ્પેક્શનના માપદંડોમાં છેડછાડ કરી શકતા હતા અને ત્યારબાદ તેમની મેડિકલ કોલેજોમાં શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવવા માટે સરળતાથી મંજૂરી મેળવી લેતા હતા. આ કૌભાંડ દેશના શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી આપવાની પ્રક્રિયામાં રહેલી ગંભીર ખામીઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે, જેનાથી દેશમાં મેડિકલ શિક્ષણની ગુણવત્તા પર પણ ગંભીર સવાલો ઉભા થયા છે. ED દ્વારા હાથ ધરાયેલા આ સર્ચ ઓપરેશનમાં વિવિધ રાજ્યોમાં આવેલી સાત મેડિકલ કોલેજોના પરિસરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, CBIની FIRમાં જે ખાનગી વ્યક્તિઓ (વચેટિયાઓ)ના નામ છે, તેમના પરિસરો પર પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વ્યક્તિઓએ લાંચના વ્યવહારો પાર પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. EDની આ કાર્યવાહી મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર પર મોટી તવાઈનો એક ભાગ છે, જેનો હેતુ ગેરકાયદેસર નાણાંના પ્રવાહને ઉજાગર કરવાનો અને કોલેજ સંચાલકોથી લઈને સરકારી અધિકારીઓ સુધીના સંપૂર્ણ નેટવર્કનો પર્દાફાશ કરવાનો છે.

# હિંમતનગરમાં કાર્યરત એસડીપે નામની પોંજી સ્કીમમાં લોકોના કરોડો રૂપિયાનું રોકાણ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**હિંમતનગર, તા.૨૭**

ગુજરાતમાં રોજબરોજ પૈસા રોકાણ કરાવી ઊંચું વ્યાજ આપતી પોંજી સ્કીમો એક પછી એક બહાર આવી રહી છે ત્યારે છેલ્લા છ મહિનાથી હિંમતનગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં એસડીપે (એસડી હબ ઓપીસી પ્રાઈવેટ લિમિટેડ) નામની કંપનીમાં લોકોએ લાખો રૂપિયાનું રોકાણ કર્યું છે, ખાસ કરીને આ કંપનીની એપ્લિકેશન હોય છે અને એપ્લિકેશનમાં જ રોકાણકારનું સ્ટેટમેન્ટ જોવા મળતું હોય છે ત્યારે આ કંપનીની પોલીસી પ્રમાણે પાંચ ટકા થી પચ્ચીસ ટકા સુધીનું વ્યાજ માસિક મળતું હોય છે. ઊંચું વ્યાજ આપતી આ કંપની હાલ તો લોકોને લોભામણી સ્કીમો આપી રોકાણ કરાવતી હોય છે પરંતુ આરબીઆઈના નિયમો અનુસાર આટલું મોટું ઊંચું વ્યાજ મળવું અશક્ય છે ત્યારે હવે આ કંપની કાયદેસર છે કે ગેરકાયદેસર તેમજ લોકોને ઊંચું વ્યાજ આપે છે તેનું પણ લાયસન્સ આરબીઆઈ પાસેથી ધરાવે છે કે કેમ તે પણ મોટો સવાલ ઊભો થયો છે. ગુજરાતમાં અત્યાર સુધી આ પ્રકારની કંપનીઓના ઉઠામણા થયા અથવા પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી કંપનીઓ બંધ કરાવી હોય તેવા અનેક દાખલાઓ છે ત્યારે આ કંપની સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા સહિત રાજસ્થાનમાં પણ નેટવર્ક ધરાવે છે. રોકાણકારોએ આ કંપનીમાં રોકાણ કરેલ પૈસા આગામી સમયમાં ઊંચું વ્યાજ મળશે કે ડૂબસે તે તો હવે આવનારો સમય જ બતાવશે.

# હિંમતનગર નગરપાલિકાએ ન્યુ સૌરાષ્ટ્ર ફરસાણના માલિકને ગેરકાયદેસર શેડ દૂર કરવા નોટિસ પાઠવી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**હિંમતનગર, તા.૨૭**

હિંમતનગર શહેરના મહાવીર નગર વિસ્તારમાં પંચદેવ મંદિર પાસે આવેલ શાલી ભદ્ર ફ્લેટ નીચે આવેલ ન્યુ સૌરાષ્ટ્ર ફરસાણની દુકાનો બહાર ગેરકાયદેસર ટ્રાફિકમાં અવરોધ કરે તે પ્રકારનો શેડ દૂર કરવા હિંમતનગર નગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે નોટિસ આપી છે.



શાલીભદ્ર ફ્લેટ નીચે આવેલ ન્યુ સૌરાષ્ટ્ર ફરસાણની દુકાનોની બહાર હિંમતનગર નગરપાલિકાની પૂર્વ મંજૂરી વિના ગેરકાયદેસર રીતે લોખંડનો શેડ બનાવી દેવામાં આવતા રોજબરોજ ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. આ જ વિસ્તારમાં દવાખાના અને પંચદેવ મંદિર આવેલ હોવાના કારણે લોકોની અવરજવર વધુ હોય છે ત્યારે ન્યુ સૌરાષ્ટ્ર ફરસાણની દુકાનો બહાર ગેરકાયદેસર લોખંડનો શેડ ઊભો કરી દેવામાં આવતા ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. હિંમતનગર નગરપાલિકાએ નોટિસ આપ્યા બાદ નિયમો અનુસાર આગામી સમયમાં ન્યુ સૌરાષ્ટ્ર ફરસાણના માલિક દ્વારા ગેરકાયદેસર લોખંડનો શેડ દૂર કરવામાં નહીં આવે તો હિંમતનગર નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# આધાર કાર્ડના આધારે ઘૂસણખોરોને પણ નાગરિકતા આપી દઈએ? : સુપ્રીમ કોર્ટનો સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સુપ્રીમ કોર્ટે SIR પરની સુનાવણી દરમિયાન એક મહત્ત્વનો સવાલ ઉઠાવ્યો કે, શું ઘૂસણખોર વ્યક્તિને માત્ર આધાર કાર્ડના આધારે મત આપવાનો અધિકાર આપી શકાય? કોર્ટે સ્પષ્ટ કર્યું કે આધાર કાર્ડ કાયદેસર દસ્તાવેજ છે, જે ખાસ કાયદા હેઠળ સરકારી સુવિધાઓ (જેમ કે સબસિડીવાળું રાશન) માટે અપાય છે પરંતુ શું તેનાથી મતદાર બનાવવાનો હક મળે?

CJI જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જે. બાગચીની બેન્ચે ૨૬ નવેમ્બરના રોજ SIRની બંધારણીય માન્યતા પર સુનાવણી કરી. આ અરજી પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુ જેવા રાજ્યો તરફથી દાખલ કરાઈ છે. બુધવારે કેસની સુનાવણી દરમિયાન, પશ્ચિમ બંગાળ અને કેરળ રાજ્ય તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા. તેમણે આધાર કાર્ડ હોવા છતાં લોકોને મતદાર યાદીમાંથી બાકાત રાખવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

આ મામલે CJI સૂર્યકાંતે કહ્યું, માની લો કે કેટલાક લોકો પડોશી દેશોમાંથી ભારતમાં ઘૂસી આવ્યા છે. તેઓ ભારતમાં કામ કરી રહ્યા છે, ભારતમાં રહી રહ્યા છે. કોઈ ગરીબ રિક્ષા ચલાવનાર છે, કોઈ કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂર છે. તમે તેને આધાર કાર્ડ આપો છો, જેથી તે સબસિડીવાળું રાશન કે અન્ય કોઈ યોજનાનો લાભ લઈ શકે. આ આપણા બંધારણીય મૂલ્યોનો ભાગ છે, આપણી બંધારણીય નૈતિકતા છે. પરંતુ શું આનો અર્થ એવો થાય છે કે તેને આ લાભ આપવામાં આવ્યો છે, તો હવે તેને મતદાર પણ બનાવી દેવો જોઈએ?

આ મામલે કપિલ સિબ્બલે વધુમાં કહ્યું કે, હું એક નાગરિક છું, હું અહીં રહું છું. મારી પાસે આધાર કાર્ડ છે, તે મારું ઘર છે. જો તમે તેને છીનવવા માંગતા હો, તો એક નિર્ધારિત પ્રક્રિયા દ્વારા છીનવો અને તે પ્રક્રિયા તમારી સમક્ષ નક્કી થવી જોઈએ. આના પર CJIએ બિહાર SIRનું ઉદાહરણ આપતા કહ્યું કે, બિહારમાં ખૂબ ઓછી તકલીફ પડી હતી. જો એવા ઉદાહરણો હોય, જ્યાં કોઈ વ્યક્તિ ખરેખર નિવાસી હોય, ભારતનો નાગરિક હોય અને તેને બહાર રાખવામાં આવ્યો હોય, તો અમે આતુરતાથી તે ઉદાહરણોની શોધમાં છીએ. જેથી અમે પ્રક્રિયાની ભૂલને સુધારી શકીએ.

સિબ્બલે સવાલ ઉઠાવ્યો કે, જો કોઈ મતદાર મતદાનના દિવસે પોલિંગ બૂથ પર જાય અને તેને ખબર પડે કે તેનું નામ ત્યાં નથી, તો તે શું કરશે? CJIએ કહ્યું કે, જ્યાં સુધી બિહારનો સવાલ છે, મીડિયા દરરોજ રિપોર્ટિંગ કરી રહ્યું હતું. તેનાથી દૂર-દૂરના વિસ્તારોમાં બેઠેલા લોકોને પણ ખબર હશે કે શું થઈ રહ્યું છે. ક્યારેક મીડિયાને પણ ક્રેડિટ આપવી જોઈએ. બિહાર માટે SIR પર દરરોજ મીડિયા રિપોર્ટ્સ આવતા હતા. જો દૂર-દૂરના વિસ્તારમાં બેઠેલા કોઈપણ વ્યક્તિને ખબર હોય કે કંઈક થઈ રહ્યું છે, એક લિસ્ટ તૈયાર થઈ રહી છે, એક નવી મતદાર યાદી આવી રહી છે, તો શું કોઈ કહી શકે કે મને ખબર નહોતી કે શું થયું!

આ મામલે કપિલ સિબ્બલે પોતાની વાત સમજાવતા કહ્યું કે, મારો કહેવાનો અર્થ એવો નથી કે ચૂંટણી પંચ પાસે કોઈ શક્તિ નથી. હું માત્ર પ્રક્રિયાની વાત કરી રહ્યો છું, જે બધાને સાથે લઈને ચાલનારી હોવી જોઈએ. કોઈ વાત સાબિત કરવા માટે મતદાર પર ભાર નાખવાની કોઈપણ કોશિશ આપણી બંધારણીય સંસ્કૃતિની વિરુદ્ધ છે.

# મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં ૪૦ કિલો વિસ્ફોટક ભરેલું લાંબા અંતરનું રોકેટ મળી આવતા ખળભળાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મણિપુર, તા.૨૭**

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં આશરે ૪૦ કિલોગ્રામ વિસ્ફોટકોથી ભરેલુ એક લાંબા અંતરનું રોકેટ જપ્ત કરાતા આ વિસ્તારમાં દહેશત ફેલાઈ છે. સુરક્ષાદળોએ છેલ્લા ૨૪ કલાકમાં ચુરાચંદપુર, કાંગપોકમી અને ઈમ્ફાલ પશ્ચિમ એમ ત્રણ જિલ્લાઓમાંથી મોટી માત્રામાં હથિયારો, દારુગોળો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યાં છે.

ચુરાચાંદપુર જિલ્લામાં શોધખોળ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળોએ લગભગ ૪૦ કિલોગ્રામ વિસ્ફોટકોથી ભરેલ એક લોંગ રેન્જ રોકેટ, રોકેટ લોન્ચીંગ સ્ટેન્ડ, બેટરી પીસની સાથે પાંચ બોરી રેતી મળી આવી હતી. અધિકારીઓ અનુંસાર હાલમાં જપ્ત કરેલ રોકેટ સુરક્ષાદળોની સૌથી મોટી સફળતા છે.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સપ્તાહથી રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં શોધખોળ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

### ડિજિટલ છેતરપિંડીનો નવો પેંતરા

# ગઠિયાએ Google Payનો ફેક મેસેજ બતાવી ૧૦,૦૦૦નો ચૂનો લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૭ :** અમદાવાદમાં સાયબર છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે ત્યારે હવે ગઠિયાઓ ATM કેબિનમાં જ ઊભા રહીને લોકોને છેતરી રહ્યા છે.

વટવા વિસ્તારમાં આવેલા એક છૂસ કેબિનમાં રવિવારે સવારે Google Payના નકલી કન્ફર્મેશન મેસેજથી ૩૫ વર્ષીય ફેક્ટરી કર્મચારી સાથે રૂ.૧૦,૦૦૦ની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, વટવા ખાતે કાચની બોટલ બનાવતી કંપનીમાં કામ કરતા ૩૫ વર્ષીય ગુલાબચંદ અવધૂપ્રસાદ સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. રવિવારે (૨૩ નવેમ્બર) સવારે ૧૦:૧૫ વાગ્યે, GIDC વટવા ફેઝ-૧ ખાતે આવેલા SBI ATM કેબિનમાં ગુલાબચંદ પોતાની પત્ની નીતુ દેવીના SBI ખાતામાં રૂ. ૧૫,૦૦૦ જમા કરાવ્યા અને પોતાના PNB ખાતામાં રૂ.૧૦,૦૦૦ જમા કરાવ્યા હતા. તેઓ ATMમાં હતા એ દરમિયાન જ ૩૫થી ૪૦ વર્ષની વયનો એક અજાણ્યો શખસ તેમની પાસે આવ્યો અને તેઓ ગૂગલ પેનો ઉપયોગ કરે છે તેવો પ્રશ્ન પૂછ્યો. ગુલાબચંદે હા પાડતા શખસે દાવો કર્યો કે, ATM મશીનમાંથી રોકડ નીકળતી નથી. તેથી, તેને ૧૦,૦૦૦ રૂપિયા રોકડ માંગ્યા અને ગૂગલ પે દ્વારા રકમ ટ્રાન્સફર કરવાનું જણાવ્યું. ત્યારબાદ ગુલાબચંદે શખસની મદદ કરવાની ઈચ્છા સાથે પોતાનો ગૂગલ પે નંબર આપ્યો. જોકે, શખસે પોતાના મોબાઈલમાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર થયાનો એક મેસેજ બતાવ્યો જે નકલી હતો. પરંતુ, ગુલાબચંદે તેને સાચો માનીને ૧૦,૦૦૦ રૂપિયા રોકડ આપી દીધા હતા. બાદમાં જ્યારે તેમણે ઘરે જઈને ફોન ચેક કર્યો તો તેમનામાં કોઈ ગૂગલ પે ટ્રાન્ઝેક્શન મળ્યું નહતું. પરંતુ, એક લિંકની નોટિફિકેશન મળી હતી. બાદમાં જ્યારે ATM સિક્યોરિટી ગાર્ડ પાસે જઈને પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે, લિંક ફન્ડ ટ્રાન્સફર સંબંધિત નહતી. પરંતુ, છેતરપિંડી એપ્સ સાથે જોડાયેલી હતી. સમગ્ર ઘટના વિશે જાણીને ગુલાબચંદને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ અને બાદમાં તેમણે વટવા GIDC પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. વટવા GIDC પોલીસે છેતરપિંડી સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને ATM અને આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ દ્વારા આરોપીની ઓળખ કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

**(પહેલાં પાનાનું ચાલુ) 'બંધારણ દિવસ'ની...**

કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. જાહ્નવી આરેકર અને લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના વાઈસ પ્રિન્સિપાલ શ્રીમતી પારુલ ગુપ્તાનો સમાવેશ થાય છે. આ અવસરે સંસ્થાના આચાર્ય ડૉ. શિલ્પા તિવારીએ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ફક્ત ચર્ચા માટેનો પ્લેટફોર્મ નથી, પરંતુ યુવાઓમાં લોકશાહી પ્રક્રિયા, નીતિ-નિર્માણ અને જવાબદારીની સમજ વિકસાવવા માટેનું એક શક્તિશાળી માધ્યમ છે. તેમણે કાર્યક્રમની મુખ્ય ભાવના સમજાવીને વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. દરમિયાન લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ અને માઉન્ટ લિટેરા ઝી સ્કૂલ-નરોલીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીએ કાર્યક્રમનું મહત્ત્વ અને ગૌરવ વધાર્યું હતું.

અત્રે આયોજીત 'યુવા સંસદ સત્ર' પહેલાં ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી ચોથી ઈન્ટ્રા મૂટ કોર્ટ સ્પર્ધા - ૨૦૨૫ના વિજેતાઓનું અતિથિઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ફાઈનલ રાઉન્ડનું મૂલ્યાંકન બોમ્બે હાઈકોર્ટના એડવોકેટ ખ્યાતિ અમિત કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં તેમના શક્તિક્તશાળી પ્રસ્તુતિઓ માટે સૌરભ તિવારી (શ્રેષ્ઠ વક્તા) અને રતન ગિરી (શ્રેષ્ઠ સ્મારક)ને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજેતા અને રનર-અપ ટીમોની પણ પ્રશંસા કરવામાં આવી હતી. વિદ્યાર્થી કન્વીનરો નૌશીન ઐયર અને હિતેશ રૂપસારીને કાર્યક્રમના ઉત્તમ સંકલન માટે ખાસ પ્રશંસા મળી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ફતેહસિંહ ચૌહાણે સંબોધન કરતા જણાવ્યું હતું કે, ''જ્યારે યુવાઓ ફક્ત દર્શક નહીં, પણ સક્રિય સહભાગી બને છે ત્યારે લોકશાહી મજબૂત બને છે.'' તેમણે શિક્ષણને સામાજિક વિકાસ અને જાગૃતિનો એક મહત્ત્વપૂર્ણ સ્તંભ ગણાવ્યો અને સંસ્થાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જાહેર જીવનના વર્ષો સેવા, નેતૃત્વ અને સામાજિક ઉત્થાન માટે સમર્પિત કર્યા છે. શ્રી ચૌહાણનું ભાષણ વિદ્યાર્થીઓ માટે ખૂબ પ્રેરણાદાયક હતું. તેમના સંબોધન પછી, ઓડિટોરિયમ તાળીઓથી ગુંજી ઉઠ્યું.

આ પ્રસંગે, સંસ્થાના ઉપ પ્રમુખ શ્રી અનંતરાવ ડી. નિકમે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, યુથ-નીતિ ૨૦૨૫ વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ પ્રદાન કરે છે, જે રાષ્ટ્ર પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવે છે.

યુથ પાર્લામેન્ટ સત્રમાં, વિદ્યાર્થીઓએ સંસદની કાર્યવાહીનું અનુકરણ કરીને અનેક રાષ્ટ્રીય મુદ્દાઓ પર તર્કસંગત ચર્ચાઓ રજૂ કરી. આ કવાયત નીતિનિર્માણ, તર્કસંગત સંવાદ, સંસદીય પ્રક્રિયાઓ અને લોકશાહી વિચારસરણીની ઊંડી સમજને પ્રોત્સાહન આપે છે. કાર્યક્રમ રાષ્ટ્રગીત ગાન સાથે સમાપ્ત થયો હતો, ત્યારબાદ LAAC સંયોજક અને સહાયક પ્રોફેસર શ્રીમતી ખુશ્બુ મિશ્રા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ફક્ત બંધારણ દિવસની ઉજવણી જ નહીં, પરંતુ યુવાનોમાં નેતૃત્વ કૌશલ્ય, સંવેદનશીલ વિચારસરણી અને લોકશાહી ચેતનાને પ્રજ્વલિત કરવાનો સફળ પ્રયાસ સાબિત થયો હતો. હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા ફરી એકવાર દર્શાવવામાં આવ્યું કે શિક્ષણ ફક્ત અભ્યાસક્રમ પૂરતું મર્યાદિત નથી, પરંતુ ચારિત્ર્ય નિર્માણ, નેતૃત્વ વિકાસ અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા છે.

# વારી ગ્રુપે 10 MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો ઓર્ડર મેળવ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૭**

ભારતની અગ્રણી રિન્યૂએબલ એનર્જી સોલ્યુશન્સ પ્રોવાઈડર વારી ગ્રુપે આજે જાહેર કર્યું હતું કે, તેણે એક અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની તરફથી 10 MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (બીઈએસએસ)નો ઓર્ડર મેળવ્યો છે જેને તમિળનાડુમાં લાગુ કરવામાં આવશે.

આ ઓર્ડર મળવા અંગે કંપનીના પ્રેસિડેન્ટ-સ્ટ્રેટેજી, અંકિત દોશીએ જણાવ્યું હતું કે, ''આ 10 MWh બીઈએસએસ ઓર્ડર વારી ગ્રુપની સંકલિત ક્ષમતાઓ અને ભારતના સ્વચ્છ-ઊર્જા સંક્રમણને સક્ષમ કરવા માટેની અમારી પ્રતિબદ્ધતાનું મજબૂત સમર્થન રજૂ કરે છે. સ્ટોરેજ એ પુનઃવપરાશી ઊર્જા માટેનો આગામી મોરચો છે અને અમે ફ્લેક્સિબલ, ડિસ્પેચેબલ ઊર્જાની દેશની વધતી માંગને પહોંચી વળવા માટે ટેકનોલોજી, ડિઝાઈન અને ઉત્પાદનમાં ઊંડાણપૂર્વક રોકાણ કરી રહ્યા છીએ.

આ વ્યૂહાત્મક ઓર્ડર પ્રાપ્તિ ભારતની એનર્જી સ્ટોરેજ ઈકોસિસ્ટમમાં વારી ગ્રુપની હાજરીને વધુ મજબૂત બનાવે છે અને સોલર પીવી મેન્યુફેક્ચરિંગ અને ઈપીસીથી માંડીને નેક્સ્ટ-જનરેશન એનર્જી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીડ-સ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીની સમગ્ર ક્લીન એનર્જી વેલ્યુ ચેઈનમાં કંપનીની વધી રહેલી ક્ષમતાઓને દર્શાવે છે. વારી ડોમેસ્ટિક સ્ટોરેજ મેન્યુફેક્ચરિંગમાં પણ ઝડપથી વધારો કરી રહી છે.

ભારતના સોલર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે બીઈએસએસ મહત્વપૂર્ણ છે- ભારતના સૌર-સંચાલિત વિકાસ માટે એ કમહત્વપૂર્ણ પરિબળ, બીઈએસએસ પુનઃવપરાશી ઊર્જાની ચોવીસે કલાક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે, કાપ ઘટાડે છે અને સૌર સંપત્તિના થતા ઓછા ઉપયોગને અટકાવે છે. બીઈએસએસ મોટા ઈવી ચાર્જિંગ નેટવર્કને વીજળી પૂરી પાડવામાં, ઝડપી ચાર્જિંગને સક્ષમ કરવામાં, લોડ બેલેન્સિંગ કરવામાં અને ડિસ્ટ્રીબ્યુશન માળખા પર તાણ ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીગણનું ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે ઉમળકાભેર સ્વાગત

**■ ત્રિદિવસીય ચિંતન શિબિરમાં સહભાગી થવા ધરમપુર પધારેલા મુખ્યમંત્રીશ્રીને આશ્રમના ગુરુજી રાકેશજીએ શાલ ઓઢાડીને આવકાર્યા ■ શિબિરમાં સહભાગી થવા મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળ અને ઉચ્ચ અધિકારીઓનો અમદાવાદથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં વલસાડ સુધી સામૂહિક પ્રવાસ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીગણ આજે ૧૨મી ચિંતન શિબિરમાં સહભાગી થવા માટે વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે આવી પહોંચતા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

''સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ''ની થીમ સાથે આયોજિત આ ચિંતન શિબિરમાં ભાગ લેવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્યસચિવ શ્રી મનોજ કુમાર દાસ સહિત ઉચ્ચ અધિકારીઓએ આજે વહેલી સવારે અમદાવાદ રેલવે સ્ટેશન ખાતેથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સામૂહિક પ્રવાસરૂપે વલસાડ જવા પ્રસ્થાન કર્યું હતું. વલસાડ રેલ્વે સ્ટેશન પર આગમન દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચાપલોત સહિત પદાધિકારીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વોલ્વો બસ દ્વારા ધરમપુર આવી પહોંચ્યા હતા. જ્યાં આશ્રમના ગુરુજી રાકેશજીએ શાલ ઓઢાડીને આવકાર્યા હતા.

આશ્રમ શબિરાર્થી મહાનુભાવોને આવકારવા માટે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના પ્રેસિડેન્ટ શ્રી અભયભાઈ જસાણી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આત્મર્પિત નેમીજી, ટ્રસ્ટીશ્રી વિજયભાઈ રૂપાણી, રેન્જ આઈજી શ્રી પ્રેમવીરસિંગ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ધરમપુર ખાતે રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરમાં

# નવા યુગના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે માર્ગદર્શન આપતા નીતિ આયોગના ફેલો સુશ્રી દેબજાની ઘોષ

**'Governance in the Face of Challenges of AI' વિષય ઉદ્બોધન**

**એ.આઈ. માત્ર ChatGPT, Gemini અથવા Grok જેવી એપ્સ પૂરતું સીમિત નથી, પરંતુ ડેટા એનાલિસિસ, મશીન લર્નિંગ અને પ્રેડિક્ટિવ મોડલિંગ જેવી વિવિધ આધુનિક પદ્ધતિઓનો સમન્વય છે, જે જાહેર સેવાઓને વધુ અસરકારક બનાવે છેઃ દેવજાની ઘોષ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

વલસાડ જિલ્લાના ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે રાજસભા ગૃહમાં રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરમાં નીતિ આયોગના ફેલો અને AI નિષ્ણાત સુશ્રી દેબજાની ઘોષએ "Governance in the Face of Challenges of AI" વિષય પર અને સરળ ભાષામાં ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, AI ઝડપભેર શ્રેણીબદ્ધ વ્યવસાયો અને વિશ્વના અનેક દેશોના અર્થતંત્રોનું ભવિષ્ય ઘડી રહ્યું છે. સરકારની અનેક યોજનાઓના અમલીકરણમાં એઆઈ આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

ગુજરાત રાજ્ય અન્ય ક્ષેત્રોની જેમ સુશાસન અને વહીવટી સુધારામાં પણ દેશભરમાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારની વહીવટી પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સકારાત્મક અને વ્યાવહારિક ઉપયોગ થઈ રહ્યો છે એ સરાહનીય છે એમ તેમણે કહ્યું હતું.

સુશ્રી દેબજાની ઘોષે જણાવ્યું કે, એ.આઈ. કોઈ પડકાર નથી, પણ એક તક છે. એ.આઈ. માત્ર ChatGPT, Gemini અથવા Grok જેવી એપ્લિકેશન્સ પૂરતું સીમિત નથી, પરંતુ ડેટા એનાલિસિસ, મશીન લર્નિંગ અને પ્રેડિક્ટિવ મોડલિંગ જેવી વિવિધ આધુનિક પદ્ધતિઓનો સમન્વય છે, જે જાહેર સેવાઓને વધુ અસરકારક બનાવે છે.

તેમણે એ.આઈ.નો ઈતિહાસ સમજાવતા જણાવ્યું હતું કે, ૧૯૫૦થી એ.આઈ. પ્રચલિત છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેનો વ્યાપ અને પ્રભાવ અસાધારણ રીતે વધ્યો છે. હવે એઆઈનો ઉપયોગ કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ અને પોલિસિંગ જેવા વિસ્તૃત ક્ષેત્રોમાં પણ કાર્યક્ષમતાથી કરી શકાય છે જેની વિસ્તૃત સમજ તેમણે આપી હતી.

શ્રી દેબજાનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, AI એક શક્તિશાળી ટૂલ છે, જેને ભારતીય પરિપ્રેક્ષ્યમાં ઢાળવાની જરૂર છે. તેની મદદથી છેવાડાના માનવીને પણ સરળતાથી કોઈપણ શાસકીય પ્રક્રિયામાં સહભાગી બનાવી શકાય છે, જે સુશાસન અને સર્વાંગી વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બનશે.

વર્તમાન સમયમાં એ.આઈ.માં હેક્ટિક એન્જિનિયરિંગની ખૂબ ડિમાન્ડ હોવાનો મત વ્યક્ત કરી કહ્યું કે, આજ સુધી આપણે કોમ્પ્યુટરની સ્ક્રીન પર વિવિધ રંગોને જોઈ શકતા હતા, પરંતુ હવે એ જ રંગોને અનુભવી પણ શકીએ છીએ. તેમણે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, ગુજરાતમાં એ.આઈ. થકી એગ્રીકલ્ચર રોડ મેપ અને નેશનલ સિક્યુરિટીમાં ખૂબ જ અસરકારક કાર્ય થઈ રહ્યું છે.

# ચીખલી અને ખેરગામ તાલુકામાં મુખ્ય માર્ગોને જોડતા તમામ આંતરિક રસ્તાઓ ઉપર રોડ સેફ્ટીની કામગીરી પુરજોશમાં


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૭**

ચીખલી અને ખેરગામ તાલુકામા આવેલ મુખ્ય માર્ગો જેવા કે સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવેને જોડતા તમામ આંતરિક માર્ગો પર વાહનચાલકોની સલામાતી રહે અને અકસ્માતોને ટાળી શકાય એ હેતુથી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ સેફટીને લગત વિવિધ કામગીરી જેવી કે થર્મોપ્લાસ્ટ પેઈન્ટ, કેટ આઇ તેમજ સાઈનેજ બોર્ડ લગાવાની વિવિધ કામગીરી હાથ ધરી પૂર્ણ કરી દેવામાં આવતા વાહનચાલકોને રાહત થવા પામેલ છે, વધુમાં ચોમાસા બાદ રોડ રીપેરીંગ તથા જંગલ સફાઈની સાથો સાથ રોડ સેફટીની કામગીરી પણ હાથ ધરાતા લોકો પંચાયત માર્ગ અને મકાન વિભાની કામગીરીને બીરદાવી રહ્યા છે.

# કપરાડા અંભેટી-ખરેડા પુલની કામગીરી માર્ગ-મકાન વિભાગ દ્વારા પ્રગતિમાં




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

માર્ગ-મકાન વિભાગ (પંચાયત) દ્વારા અંભેટી-ખરેડા બ્રિજનું કામ ઝડપભેર આગળ વધી રહ્યું છે. પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વલસાડ પેટા વિભાગ કપરાડા દ્વારા અંભેટી-ખરેડા માર્ગ પર બનેલા નવા બ્રિજના નિર્માણમાં મહત્વપૂર્ણ તબક્કા તરીકે પિયર કેપ અને સ્લેબ વર્ક ઝડપથી શરૂ કરવામાં આવ્યા છે. સતત દેખરેખ અને યોગ્ય આયોજન સાથે કામ શરૂ હોવાથી બ્રિજનું કામ સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહ્યું છે. બ્રિજના પિયર કેપ માટે જરૂરી સ્ટીલ રેઈનફોર્સમેન્ટ તથા કોન્સિટિંગનું કાર્ય સ્ટાન્ડર્ડ ગુણવત્તાથી પૂર્ણ થઈ રહે છે. સાથે સ્લેબ વર્કની કામગીરી પણ નિર્ધારિત સમયમર્યાદામાં આગળ ધપાવવામાં આવશે. મશીનરી અને માનવીય શક્તિનો યોગ્ય સંકલન થતાં રોજિંદી કામગિરીમાં ઝડપ અને ગુણવત્તા બંનેનું સંતુલન જળવાઈ રહ્યું છે.

આ બ્રિજ તૈયાર થયા બાદ અંભેટી ગામના વાહનવ્યવહારને નવી સુવિધા મળશે. તેમજ સ્થાનિક લોકો માટે આવાગમન વધુ સુરક્ષિત અને સરળ બનશે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે કાર્યને નિર્ધારિત સમયગાળામાં પૂર્ણ કરવા માટે જરૂરિયાત મુજબના તમામ પગલાં લેવામાં આવ્યા છે.

# વલસાડમાં SIR અંતર્ગત મતદારોની સુવિધા માટે ૨૯ અને ૩૦ નવેમ્બરે મામલતદાર કચેરી ખાતે બે દિવસીય કેમ્પ યોજાશે

**મતદારોના ફોર્મ ભરવામાં મુશ્કેલી, ગણત્રી ફોર્મ, ડોક્યુમેન્ટ જમા કરાવવાના બાકી, ફોર્મ ન મળ્યા હોય કે મતદાર યાદીમાં નામ શોધવામાં મુશ્કેલીનું નિવારણ થશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

હાલ વલસાડના જિલ્લામાં મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમમાં 'કોઈ સાચો મતદાર રહી ન જાય અને ખોટો મતદાર યાદીમાંથી દૂર થાય' તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તા.૦૪/૧૧/૨૦૨૫ થી બીએલઓ દ્વારા ભારતના ચૂંટણીપંચ તરફથી આપવામાં આવેલા ફોર્મ ઘરે ઘરે જઈ વિતરણ કરવામાં આવ્યા છે અને ફોર્મ પરત મેળવવાની કામગીરી કરવામાં આવી છે. હજુ પણ જે મતદારો EF(ગણત્રી ફોર્મ) જમા કરવાના બાકી હોય અથવા ડોક્યુમેન્ટ જમા કરાવવાના બાકી હોય, મતદારોને ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી સર્જાતી હોય, વર્ષ ૨૦૦૨ની મતદારયાદીમાં નામ શોધવા માટે અથવા મતદારોને હજુ પણ ફોર્મ ન મળ્યા હોય તો ૨ દિવસ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨.૦૦ થી ૫.૦૦ કલાક તથા તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાક થી ૫.૦૦ કલાક સુધી મામલતદાર કચેરીમાં કેમ્પ રાખવામાં આવ્યા છે. જેથી કોઈ મતદારને કોઈ પ્રશ્ન હોય તો તેનું ઝડપથી નિરાકરણ લાવી શકાય. મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત બીએલઓને મહત્વની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરીમાં મતદારો જે હાલ યાદીમાં છે તેમનું વેરિફિકેશન થાય તે માટે બીએલઓ ઘરે ઘરે જઈ ભારતનું પંચ દ્વારા આપવામાં આવેલા ફોર્મ જે તે મતદારોને આપી આવ્યા છે. એટલું જ નહીં આ ફોર્મ કેવી રીતે ભરવાના છે તેની માહિતી પણ મતદારોને આપવામાં આવી છે. હવે મતદારો પાસેથી તે ફોર્મ પરત લેવાની કામગીરી પણ કરી દેવામાં આવી છે.

વલસાડ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ કામગીરીમાં બાકી રહેલા મતદારોને ઉપરોકત સમય દરમિયાન મામલતદાર કચેરી ખાતે અચૂક હાજર રહી ગણત્રી ફોર્મ જમા કરી રાષ્ટ્રીય કામગીરીમાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ કેમ્પને કારણે મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમને વધુ વેગ મળશે. ઉકત વિગતો ECI દ્વારા આપવામાં આવતી સૂચનાની ફેરફારને આધીન રહેશે.

# સલવાવ સ્વામિનારાયણ ફાર્મસી કોલેજમાં નેશનલ ફાર્મસી વિક સંદર્ભમાં એક્સપર્ટ ટોક શો યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ, સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજમાં તારીખ ૨૭/૧૧/૨૦૨૫ ગુરુવારના રોજ, "National Pharmacist Week "2025 ના સંદર્ભમાં 21st Century Hospital, Vapi ના MBBS, MD – Obstetrics & Gynecology, ડૉ.આદિતી નાડકર્ણી દ્વારા એક્સપર્ટ ટોક યોજાયો હતો.

આ વર્ષની થીમ "Pharmacist as Advocate of Vaccination" અંતર્ગત Menstrual Hygiene and Why? HPV Vaccine વિષય પર માહિતીસભર સેમિનાર યોજાયો હતો. જેનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ HPV રસીકરણની અગત્યતા સમજાવવાનો હતો. જેમાં માસિક સ્વચ્છતાના વૈજ્ઞાનિક પાસાઓ, HPV વાયરસથી થતા જોખમો અને HPV વેક્સિનના રોગપ્રતિકારક લાભો અંગે સ્પષ્ટ અને સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમ કેમ્પસ એકેડેમી ડીરેક્ટર ડૉ.શૈલેષ વી. લુહાર, આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, તેમજ પ્રોગ્રામનું સંચાલન કોઓર્ડીનેટર એસોસિયેટ પ્રોફેસર ભૂમિ પટેલ અને શેતલ દેસાઈના નેતૃત્વમાં થયું હતું.

આ એક્સપર્ટ ટોકમાં Menstrual Hygiene and Why? HPV Vaccine વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં ડૉ.આદિતી નડકર્ણીએ માસિક સ્વચ્છતાના વૈજ્ઞાનિક પાસાઓ તેમજ સુરક્ષા વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમજ ગાયનેકોલોજિસ્ટ, ડૉ.ધ્વનિ પરમારએ પણ મહિલાઓમાં HPV વાયરસથી થતા સંભવિત જોખમો અને HPV રસીના આરોગ્યલાભ અંગે વિગતવાર સમજણ આપી હતી. તેમણે ખાસ કરીને યુવતીઓ અને મહિલાઓ માટે સ્વચ્છતા, નિયમિત સ્ક્રીનિંગ અને રસીકરણનું મહત્વ ભારપૂર્વક વ્યક્ત કર્યું હતું. સત્ર દરમિયાન વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લઇ પ્રશ્નોત્તરી દ્વારા મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી. આવા જાગૃતિ કાર્યક્રમો વિદ્યાર્થીઓને સમાજમાં આરોગ્ય અંગેની સમજ વધારવામાં અને અસરકારક રીતે જાગૃતિ ફેલાવવામાં વધુ સક્ષમ બનાવે છે.

આ પ્રોગ્રામ બદલ ફાર્મસી કોલેજના આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડેએ આવનાર ટીમનો અભાર વ્યક્ત કર્યો હતો. આ એક્સપર્ટ ટોકને સફળ બનાવવા માટે ડૉ.અક્ષય નાડકર્ણી, શ્રીમાન બાબીન લોરેન્સ જેઓ નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનના આસિસ્ટન્ટ એડમિનીસ્ટ્રેટરનો આગળ પડતો સહયોગ રહ્યો હતો.

આ કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીઓ, કેમ્પસ એકેડેમિક ડિરેકટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડિરેક્ટર શ્રી હિતેન બી. ઉપાધ્યાય, આચાર્ય ડૉ.સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે દરેકનો આભાર માન્યો હતો.

### જલાલપોર તાલુકાના સામાપોર, કણીયેટ તથા ચોરમલભાઠાગામે

# મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દાણચોરી- કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા અંગે બેઠક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૭**

નવસારી જિલ્લામાં દરિયાઈ તટ રેખાની સુરક્ષા માટે મરીન ટાસ્ક ફોર્સ, મરીન સેક્ટર લીડરની કચેરી દ્વારા જલાલપોર તાલુકાના સામાપોર, કણીયેટ તથા ચોરમલભાઠા ગામે દાણચોરી-કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા હેતુસર ગ્રામજનો સાથે બેઠક યોજાઇ હતી.

પોલીસ ઈન્સ્પેકટર શ્રી યુ.જે.પટેલ તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એ.જે. ગામીત દ્વારા ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં દરિયાઈ માર્ગે થતી વિવિધ આંતકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ તેમજ દરિયાકાંઠા વિસ્તારમાંથી મળી આવતા શંકાસ્પદ શખ્સોની હિલચાલ, શંકાસ્પદ બોટ, વસ્તુ ડ્રગ્સ પેકેટ્સ, બેગ તથા ડ્રોન જોવા મળે તો તાત્કાલીક જાણ કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ દાણચોરી તેમજ કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા સહિત દરિયાકિનારાના રહેવાસી તરીકે સતત જાગૃત રહેવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મરીન ટાસ્ક ફોર્સ દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# દાહોદ જિલ્લાના રતનમહાલ વનવિસ્તારમાં નવ મહિનાથી એક વાઘની અવર-જવર હોવાની સરકાર તરફથી સત્તાવાર જાહેરાત

**માનવીએ એક વાત ખાસ સમજવાની જરૂર છે કે જંગલ એ પ્રવાસન સ્થળ નથી, તે પ્રાણીઓના વસવાટ માટે છે એમ પણ જંગલમાં વધી ગયેલી માનવીય પ્રવૃત્તિના માઠાં પરિણામ તો સૌએ જોયાં જ છે ત્યારે એશિયાટિક સિંહોનું ઘર ગીર અભ્યારણ્યમાં વચ્ચોવચ ખડકાયેલા રિસોર્ટ-હોટલ સહિતની અડચણરૂપ બાબતોનો ઉકેલ લાવવો ખુબ આવશ્યક**




**ગી**રનું વન એશિયાટિક સિંહોની તો સમગ્ર પૃથ્વી ઉપર એકમાત્ર ભ્રમણભૂમિ છે જ, પરંતુ હવે આ ગુજરાત વાઘનું પણ ઘર બને તેવા સંકેત પ્રકૃતિએ આપ્યા છે. દીપડો અને સિંહ બંને સદીઓથી અહીં વસે છે, હવે વાઘ પણ વસવાટ કરે તેવી સંભાવના ઊભી થઈ છે. દાહોદ જિલ્લાના રતનમહાલ વન્યજીવન અભયારણ્યમાં છેલ્લા નવ મહિનાથી એક વાઘની અવર-જવર હોવાની સત્તાવાર જાહેરાત સરકાર તરફથી થઈ છે. ગુજરાતની વન્યસંપદા વિવિધતાથી ભરી ભરી છે, સાથે જ અહીં વન્યસૃષ્ટિ સંરક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામ થયું છે, તેનો આ એક પુરાવો છે. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કેમેરા ટ્રેપ દ્વારા તેની છબી પ્રથમ વખત કેદ થયા પછી, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી અર્જુન મોઢવાડિયાએ જાહેરાત કરી હતી કે વાઘ છેલ્લા નવ મહિનાથી અભયારણ્યને પોતાનું ઘર બનાવી રહ્યો છે. મંત્રીએ પુષ્ટિ આપી હતી કે ગુજરાત સરકાર રાજ્યમાં વાઘ માટે સલામત અને કાયમી ઘર સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ અને કેન્દ્ર સરકાર સાથે નજીકથી કામ કરી રહી છે.

જંગલ વિસ્તારમાં થતાં ખનન, વૃક્ષછેદન, ખાસ તો ગીરમાં સિંહના વિહાર વિસ્તારમાં વચ્ચોવચ ખડકાયેલા રિસોર્ટ હોટલ સહિતની બાબતોનો વિવાદ વારંવાર બહાર આવતો રહે છે. આનો ઉકેલ પણ આવશ્યક છે જ. સામે વનસંરક્ષણનું કાર્ય પણ સતત થતું રહ્યું છે. મધ્યગીરમાં પ્રવાસીઓની સંખ્યા દર વર્ષે વધી રહી છે. સાથે ધારી પાસે આંબરડી પછી હવે બરડામાં પણ સિંહ પરિવારનો વસવાટ છે, રાજ્ય સરકારે સાતત્યપૂર્ણ પ્રયાસ કર્યા છે. ૨૦૨૫ની વસતી ગણતરીના અંતે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટરમાં સિંહનો વસવાટ કે પરિભ્રમણ છે, ૮૯૧ સિંહ અહીં નોંધાયા છે. વાસ્તવિક સંખ્યા ૧૧૦૦ આસપાસ છે. આના બે તારણ નીકળી શકે, એક તો આ સમગ્ર વાતાવરણ આબોહવા સિંહના જન્મ અને ઉછેર તથા વસવાટને અનુકૂળ છે, વનવિભાગના પ્રયાસો પણ તેમાં યશભાગી ખરા. અન્ય એક તારણ એ કે, આટલા બધા સિંહ છે અને હવે તે વનની બહાર પણ દેખાવાનું પ્રમાણ વધ્યું છે. સોશિયલ મીડિયા ઉપર ઉના, ગીર સોમનાથ વિસ્તારના ગામડાંમાં શેરીમાં શ્વાનની જેમ સિંહ લટાર મારતા દેખાય છે. સિંહને વનવિસ્તાર ટૂંકો પડી રહ્યો છે. એક સમયે ૧૦ હજાર ચોરસ કિલોમીટરમાં સિંહનું ભ્રમણ હતું તે વિસ્તરીને ૨૨,૦૦૦ ચોરસ કિલોમીટર અને હવે ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટર થયું છે. પશુઓનાં મારણ થતાં હોવાના બનાવ બને છે, સિંહ માનવ સંઘર્ષ હજી વધ્યા નથી. ૨૦૨૧ની આસપાસ કેટલાક સિંહ માનવભક્ષી થયા હોવાના બનાવ બન્યા હતા. સિંહની પ્રકૃતિ પણ માણસનો શિકાર કરવાની મહદ્અંશે નથી, સૌરાષ્ટ્રના લોકો સિંહની સાથે અનુકૂલન સાધી શક્યા છે. હવે જ્યારે ગુજરાતમાં વાઘ પણ આવી રહ્યો હોવાની વાત છે, ત્યારે વનવિસ્તાર સૌથી મોટો પ્રશ્ન બની રહેશે. વાઘને જો ગુજરાતની આબોહવા અનુકૂળ આવે તો અહીંના વન્યજીવન પ્રવાસન માટે મોટો અવસર ગણાશે, પરંતુ તેના વસવાટ માટેનો જરૂરી વિસ્તાર હોવો જોઈશે. નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર એક વાઘને વિહાર વસવાટ માટે ૧૫ ચોરસ કિલોમીટરનો વિસ્તાર જોઈએ. તેને ખોરાક જંગલમાં જ મળી રહે તે જરૂરી છે. જો તે નજીકની માનવ વસાહત તરફ પહોંચી જાય તો જોખમ થઈ જાય. સિંહની વાત અલગ છે, સિંહ અને માનવનું સહઅસ્તિત્વ શક્ય છે અને પુરવાર પણ થયું છે. વાઘ જો ગુજરાતના જંગલમાં વસે તો પ્રવાસીઓની સંખ્યા વધે. વાઘ, સિંહ, દીપડો ઉપરાંત વિવિધ પ્રજાતિથી ગીર કે મધ્યગુજરાત, વેળાવદર કે બરડાના જંગલમાં લોકો મોટી સંખ્યામાં જાય, પરંતુ એક વાત આપણે આમ પણ સમજવાની જરૂર છે કે જંગલ પ્રવાસન સ્થળ નથી, તે પ્રાણીઓના વસવાટ માટે છે. જંગલમાં વધી ગયેલી માનવીય પ્રવૃત્તિના માઠાં પરિણામ જોયાં છે. વાઘ ગુજરાતમાં વસશે તે વાત આવકાર્ય છે, ગુજરાતના વન્યવિસ્તાર માટે તે ગૌરવ છે, પરંતુ તેના જોખમો અંગે આગોતરો વિચાર આવશ્યક છે.

# વૃક્ષનું જતન પ્રકૃતિનું રક્ષણ, જીવનનો આધાર




**વૃક્ષોના મૂળ જમીનને જકડી રાખે છે, જેનાથી પૂર અને ભારે વરસાદ દરમિયાન જમીનનું ધોવાણ અટકે છે**

**‘વૃક્ષો** છે તો વૃષ્ટિ છે, વૃષ્ટિ છે તો સૃષ્ટિ છે.’ આ કહેવત વૃક્ષોના મહત્ત્વને સચોટ રીતે દર્શાવે છે. વૃક્ષો પૃથ્વી પરના જીવમાત્રના જીવનનો આધાર છે. તેઓ માત્ર પ્રકૃતિનો એક ભાગ નથી, પરંતુ શુદ્ધ હવા, પાણી અને તંદુરસ્ત પર્યાવરણના નિર્માણમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. આજના ઝડપી વિકાસના યુગમાં વૃક્ષોનું જતન કરવું એ માત્ર પર્યાવરણીય જવાબદારી નથી, પરંતુ માનવજાતના અસ્તિત્વ માટે અનિવાર્ય કર્તવ્ય છે. વૃક્ષો ધરતી પરના જીવન માટે અસંખ્ય ફાયદાઓ પૂરા પાડે છે, જે નીચે મુજબ છે. વૃક્ષો પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા કાર્બન ડાયોક્સાઈડ શોષીને ઓક્સિજન મુક્ત કરે છે. આ ઓક્સિજન જ શ્વાસ લેવા માટેનો અનિવાર્ય વાયુ છે, જેના વિના કોઈ પણ જીવનું અસ્તિત્વ શક્ય નથી.

વૃક્ષો વાતાવરણમાં ભેજનું પ્રમાણ જાળવી રાખે છે અને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. ઘટાદાર જંગલો ધરાવતા વિસ્તારોમાં વધુ વરસાદ પડે છે, જ્યારે વૃક્ષો કપાઈ જવાથી રણપ્રદેશોનું નિર્માણ થાય છે. વૃક્ષોના મૂળ જમીનને જકડી રાખે છે, જેનાથી પૂર અને ભારે વરસાદ દરમિયાન જમીનનું ધોવાણ અટકે છે. આનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. તેઓ શહેરી વિસ્તારોમાં તાપમાન ઘટાડીને ‘અર્બન હીટ આઈલેન્ડ’ અસરને પણ નિયંત્રિત કરે છે. જંગલો અસંખ્ય વન્યજીવો, પક્ષીઓ અને જંતુઓ માટે આશ્રયસ્થાન પૂરા પાડે છે. વૃક્ષો કપાઈ જવાથી અનેક પ્રજાતિઓ લુપ્ત થવાના આરે આવી જાય છે. વૃક્ષો આપણને લાકડું, ફળો, ઔષધિઓ, રબર અને અન્ય વન્ય પેદાશો પૂરી પાડે છે, જે માનવીય જીવનમાં ખૂબ ઉપયોગી છે. વૃક્ષો પ્રકૃતિનું સૌંદર્ય વધારે છે અને લોકોને શાંતિ તથા આનંદની અનુભૂતિ કરાવે છે.

- મિત્તલ ખેતાણી(રાજકોટ)
મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# જીવાત્માના સ્વરૂપને કોણ જાણે છે અને કોણ નથી જાણતો?




**શ્રી**મદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયને પુરૂષોત્તમ યોગ નામથી કહેવામાં આવે છે. આ અધ્યાયનો પાઠ જ્ઞાન વૈરાગ્ય અને ભગવદચિંતન વધારે છે. આજે પંદરમા અધ્યાયના શ્લોક ૧૦નું ચિંતન કરીશું જેમાં જીવાત્માના સ્વરૂપને કોણ જાણે છે? અને કોણ નથી જાણતા? તેનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે..


ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુજ્જાનં વા ગુણાન્વિતમ્
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષ:

શરીર છોડીને જતા અથવા બીજા શરીરમાં સ્થિત થયેલા અથવા વિષયોને ભોગવી રહેલા પણ ત્રણેય ગુણોથી યુક્ત જીવાત્માના સ્વરૂપને અજ્ઞાનીજનો જાણતા નથી ફક્ત જ્ઞાનચક્ષુવાળા જ્ઞાની મનુષ્યો જજાણે છે.

બ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છે: જાણવું જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું. જ્યાં સુધી સર્વવ્યાપી પ્રભુ પરમેશ્વરનાં સાક્ષાત્ દર્શન અપરોક્ષાનુભૂતિ ન થાય ત્યાં સુધી ભગવાનનું નિર્મલ જ્ઞાન, વિમલ વિવેક થતો નથી. ભગવાનનું જ્ઞાન અને વિશ્વાસ ત્રણ રીતે થાય છે: શાસ્ત્ર દ્વારા ગુરૂ દ્વારા અને પોતે પોતાના દ્વારા. જ્યાં સુધી શાસ્ત્ર કૃપા ગુરૂકૃપા અને આત્મકૃપાના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી લક્ષચૌરાશીનો ચક્કર સમાપ્ત થઈ મુક્તિ મળતી નથી અને વ્યક્તિ માયામાં અહીં તહીં ભટકતો રહે છે .(અવતારવાણી ૯૩)

સ્થુળ શરીરને છોડતી વેળાએ જીવ સુક્ષ્મ અને કારણ શરીરને સાથે લઈને પ્રસ્થાન કરે છે, આ ક્રિયાને ઉત્ક્રામન્તમ કહે છે. જ્યાં સુધી હૃદયમાં ધડકન રહે છે ત્યાં સુધી જીવનું પ્રસ્થાન માનવામાં આવતું નથી. હૃદયની ધડકન બંધ થઈ ગયા પછી પણ જીવ કેટલાક સમય સુધી રહી શકે છે. વાસ્તવમાં અચળ હોવાથી શુદ્ધ ચેતનતત્ત્વનું આવાગમન થતું નથી. પ્રાણોનું જ આવાગમન થાય છે પરંતુ સુક્ષ્મ અને કારણશરીરની સાથે સંબંધ રહેવાના કારણે જીવનું આવાગમન કહેવામાં આવે છે. જેવી રીતે કેમેરા ઉપર વસ્તુનું જેવું પ્રતિબિંબ પડે છે તેનું તેવું જ ચિત્ર અંકિત થઈ જાય છે તેવી જ રીતે મૃત્યુ સમયે અંત:કરણમાં જે ભાવનું ચિંતન થાય છે તે જ આકારનું સુક્ષ્મ શરીર બની જાય છે.

મનુષ્ય જ્યારે વિષયોને ભોગવે છે ત્યારે પોતાને બહુ સાવધાન માને છે અને વિષય સેવનમાં સાવધાન પણ રહે છે. વિષયી મનુષ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આમાંથી પ્રત્યેક વિષયને સારી રીતે જાણે છે. પોતાની જાણકારીથી પ્રત્યેક વિષયનું બહુ સ્પષ્ટતાથી વર્ણન કરે છે, આટલી સાવધાની રાખવા છતાં પણ તે મૂઢઅજ્ઞાની જ છે કારણ કે વિષયો પ્રત્યેની આ સાવધાની કોઈ કામની નથી પરંતુ મૃત્યુ પછી નરકો અને નીચ યોનિઓમાં લઈ જવાવાળી છે. જીવાત્મા પરમાત્મા અને સંસાર આ ત્રણેના વિષયમાં શાસ્ત્રો અને દાર્શનિકોના અનેક મતભેદો છે, પરંતુ જીવાત્મા સંસારના બંધનથી મહાન દુ:ખ પામે છે અને પરમાત્માના સંબંધથી મહાન સુખ પામે છે. આમાં બધા જ શાસ્ત્રો અને દાર્શનિકોનો એકમત છે. સંસાર એક ક્ષણ પણ સ્થિર રહેતો નથી આ અકાટ્ય નિયમ છે. સંસાર ક્ષણભંગુર છે આ વાત કહેતાં સાંભળતાં અને વાંચતા હોવા છતાં પણ મૂઢ મનુષ્યો સંસારને સ્થિર માને છે. ભોગસામગ્રી ભોક્તા અને ભોગરૂપી ક્રિયા આ બધાને સ્થાઈ માન્યા વિના ભોગ થઈ શકતો નથી. ભોગી મનુષ્યની બુદ્ધિ એટલી મૂઢ થઈ જાય છે કે તે આ ભોગોથી વધીને કંઈ છે જ નહીં એવો દ્રઢ નિશ્ચય કરી લે છે. એટલા માટે આવા મનુષ્યના જ્ઞાનચક્ષુ બંધ રહે છે. તેઓ મૃત્યુને નિશ્ચિત જાણતા હોવા છતાં ભોગ ભોગવવા માટે મૃત્યુલોકમાં રહેવા છતાં પણ સદાય જીવતા રહેવાની ઈચ્છા રાખે છે. જીવાત્મા જે સમયે સ્થૂળ શરીરમાંથી નીકળીને સુક્ષ્મ અને કારણશરીર સહિત જાય છે, બીજા શરીરને પ્રાપ્ત થાય છે તથા વિષયોનો ઉપભોગ કરે છે. આ ત્રણેય અવસ્થામાં ગુણોથી લિપ્ત દેખાવા છતાં પણ વાસ્તવમાં તે પોતે નિર્લિપ્ત રહે છે. સ્વરૂપમાં ઉત્ક્રમણસ્થિતિ કે ભોક્તાપણું નથી. ગુણો સાથે સંબંધ માનતા રહેવાના કારણે જ જીવાત્મામાં ઉત્ક્રમણસ્થિતિ અને ભોગ આ ત્રણે ક્રિયાઓ પ્રતિત થાય છે. વાસ્તવમાં આત્માનો ગુણો સાથે સંબંધ છે જ નહી. ભૂલથી જ તેને પોતાનો સબંધ ગુણો સાથે માની રાખ્યો છે જેના કારણે તેને વારંવાર ઊંચનીચ યોનિઓમાં જવું પડે છે. જીવ સ્વરૂપથી ગુણાતીત હોવા છતાં ગુણો સ્થળ કાળ વ્યક્તિ વસ્તુ સાથે સંબંધ જોડીને તેમનાથી બંધાઈ જાય છે.




જેવી રીતે અલગ અલગ કાર્યો કરવા છતાં પણ આપણે તે જ રહીએ છીએ એવી રીતે ગુણોથી યુક્ત થઈને શરીરને છોડતી વખતે, અન્ય શરીરને પ્રાપ્ત થતી વેળાએ તથા ભોગ ભોગવતી વખતે પણ પોતે (આત્મા) તે જ રહે છે. પરિવર્તન તો ક્રિયામાં થાય છે. મૂઢ લોકો ભોગ અને સંગ્રહમાં એટલા આસક્ત રહે છે કે શરીર વગેરે પદાર્થો નિત્ય રહેવાવાળા નથી તે વાત વિચારતા જ નથી. ભોગ ભોગવવાનું શું પરિણામ આવશે? એ બાજુ જોતા જ નથી.

પ્રાણી, પદાર્થ, ઘટના, પરિસ્થિતિ સ્થિર નથી. દ્રશ્ય માત્ર નિરંતર અદર્શનમાં જઈ રહ્યું છે. આવો પ્રત્યક્ષ અનુભવ થવો તેને જ જ્ઞાનરૂપી ચક્ષુઓથી દેખવું કહે છે. જ્ઞાની મનુષ્યનું સ્થૂળ શરીર તો છૂટશે પરંતુ બીજા શરીરને પ્રાપ્ત કરવું તથા રાગ બુદ્ધિથી વિષયોનું સેવન કરવું એ તેના દ્વારા થતું નથી. જ્ઞાની મનુષ્યો જ્ઞાન નેત્રો દ્વારા એમ જુવે છે કે જન્મ-મૃત્યુ વગેરે બધી ક્રિયાઓ કે વિકારો અપરિવર્તનશીલ સ્વરૂપમાં નહી પરંતુ પરિવર્તનશીલ શરીરમાં જ છે. જ્ઞાન નેત્રવાળા મનુષ્યો આત્માને ગુણોથી રહિત વાસ્તવિક રૂપે જુએ છે.

ગુણોની સાથે સંબંધ માનવાથી જીવ ગુણાન્વિત થઈ જાય છે. જો સંબંધ ન માને તો તે નિર્ગુણ જ છે. ગુણો સાથે સબંધ થવાથી જ જન્મ-મરણ થાય છે. જેવી રીતે મુખથી સાબુ સાબુ ઉચ્ચારવાથી કપડાં ધોવાઈ જતાં નથી, તેવી જ રીતે ફક્ત રામરામનો જાપ કરવાથી મક્તિ મળતી નથી, જેમ પ્રકાશ થતાં જ અંધકાર આપોઆપ દૂર થાય છે તેવી જ રીતે જ્ઞાન થતાં જ પાપ.. વગેરે કર્મો સ્વંયમ્ સમાપ્ત થાય છે. રોટલીનું નામ ઉચ્ચારણ કરવાથી ભુખ મટતી નથી, તેવી જ રીતે હરિ પરમાત્માની ફક્ત વાતો કરવાથીમાયાની આસક્તિ દૂર થતી નથી. જો કોઈ અજ્ઞાની મંજીલ લક્ષ્ય પાસે જ ઉભો હોય અને પૂછે કે મારી મંજિલ શું છે? તો સમજી લેવું કે તે મંજિલથી અનભિજ્ઞ છે. બ્રહ્મજ્ઞાન થતાં જિજ્ઞાસુઓને અનુભવ થાય છે કે હું તો અંદર બહાર પરમાત્માથી ઘેરાયેલ છું. સર્વવ્યાપી પરમાત્મા સાથેના મિલન માટે ગુરૂજ્ઞાન સિવાય અન્ય કોઈ માર્ગ જ નથી.

બ્રહ્મનું જ્ઞાન ગુરૂ વિના પ્રાપ્ત થઈ શકતું નથી. પુરાતન સંત મહાપુરૂષો, અવતારો.. વગેરેના ઈતિહાસ વાંચવાથી આપણને જાણકારી મળે છે કે સદ્ગુરૂએ જ તેમના ભાગ્યને ચમકાવ્યું હતું. જેટલા પણ મહાપુરૂષો આજદિન સુધી થયા તેમને પોતાના પ્રયત્નોથી જ્ઞાનપ્રાપ્તિ થઈ શકી ન હતી. ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, નાનકજી પણ આ માયાનો પડદો પોતાની જાતે જ હટાવી શક્યા ન હતા એટલે કે તેમને પણ સદ્ગુરૂના દ્વાર ઉપર નતમસ્તક થઈને જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જ્ઞાનરથની દોરી (લગામ) આજદિન સુધી સદ્ગુરૂના હાથોમાં જ રહી છે એટલે કે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી જ્ઞાની મહાપુરૂષની કૃપાથી જ જિજ્ઞાસુઓને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની લોકો ખોટો બાહ્ય આડંબર કરીને સંસારને ભ્રાંતિઓમાં નાખી રહ્યા છે. અજ્ઞાની વ્યક્તિ તન, મન, ધનને પોતાનું સમજીને કર્મ કરે છે અને તત્ત્વજ્ઞાની ગુરૂમુખ વ્યક્તિ આ તન, મન, ધન શ્રી ભગવાનની સંપત્તિ છે તેમ સમજીને તેને ભગવત્સેવામાં જ પ્રયોગ કરે છે. મનુષ્યોએ આ સંસારમાં મોક્ષની પ્રાપ્તિ કરવા માટે ધર્મ, અર્થ અને કામ સંબંધી જેટલાં પણ શાસ્ત્રવિહિત કર્મ છે તે તમામ કર્મોને આસક્તિ રહિત થઈને કરવાં જોઈએ. કારણ કે, આ જગત ઈશ્વરની અભિવ્યક્તિ છે. સંસારમાં જે કંઈ દ્રશ્યમાન છે તે પરબ્રહ્મથી સંબંધિત છે. બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષોનું ખાવું, પીવું, રહેવું માયામાં જ થાય છે પરંતુ અંત:કરણથી તે પ્રભુની સાથે જોડાયેલા હોય છે. આમ બ્રહ્માર્પણ કરેલ કર્મ મનુષ્યને બાંધતાં નથી.

મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઈ વસ્તુ હોય તો તે ફક્ત વૈરાગ્ય છે. જેના જીવનમાં વૈરાગ્યે આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઈચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઈચ્છતો નથી. અજ્ઞાની પોતાના હૃદયમાં ‘હું’ અને ‘મારૂં’ આવી મિથ્યા આસક્તિ કરી લે છે તે જ તેમના દુ:ખનું કારણ છે. વાસ્તવમાં મન સ્વરૂપથી સત્વપ્રધાન હોવાથી સ્વરૂપથી શુદ્ધ છે પરંતુ અહંતા મમતા અને આસક્તિના કારણે તેને ઘોર રજોગુણ ઘેરી લે છે પછી રજોગુણ દ્વારા ઢંકાયેલું મન અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરવા માંડે છે, નિરંતર તે ગુણોનું ચિંતન થાય છે તેનાથી કામના ઉત્પન્ન થાય છે, બુદ્ધિ દૂષિત થાય છે. આ પ્રમાણે દૂષિત બુદ્ધિવાળો પોતાની ઈન્દ્રિયો પરનો કાબૂ ગુમાવી બેસે છે. કામનાઓના વશમાં થઈને તથા રજોગુણના વેગથી મોહિત થયેલો મનુષ્ય એવાં કર્મોમાં ફસાઈ જાય છે કે જેનું પરિણામ માત્ર દુ:ખ જ દુ:ખ છે.

## કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦માં અમદાવાદમાં આયોજન કરવાનો નિર્ણય

# આગામી પાંચ વર્ષમાં તમામ પ્રકારની સંભાવનાઓને સાંકળીને આ ભગીરથ પડકાર ઝીલવાની તૈયારી કરવી પડશે

**૨૬**મી નવેમ્બરના બુધવારે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં ગુજરાત માટે ગૌરવભરી ક્ષણ આવી હતી, જ્યારે કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ માટે અમદાવાદમાં આયોજન કરવાનો નિર્ણય લેવાયો હતો. આ દિવસ ઐતિહાસિક હતો અને આગામી ઓલિમ્પિક ગેમ્સ માટે પણ ભારતને તક મળે, તે દિશામાં કામ થઈ રહ્યું છે. કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજવાની જાહેરાત ગુજરાત માટે ગૌરવ અને દેશનો દબદબો વધારનારી હતી, સ્કોટલેન્ડના ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સની એસેમ્બલીમાં અંતિમ સત્તાવાર નિર્ણય લેવાયો, તેથી ભારતના ‘સંવિધાન દિવસે’ જ યોગાનુયોગ લેવાયો, તેને શુભ સંકેત અને ગરિમામય સંયોગ ગણાવાઈ રહ્યો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારતનું પ્રતિનિધિ મંડળ ગ્લાસગો ગયું છે અને ગુજરાતને ગ્લોબલ મલ્ટી સ્પોર્ટ્સ હબ બનાવવાના દ્વાર ખુલી ગયું તેવો આ નિર્ણય લેવાયા પછી ગુજરાતીઓનો ‘હર્ષ’ આસમાને પહોંચ્યો છે અને દેશની ગરિમા વધી છે, તેથી એકંદરે દેશભરમાંથી આ નિર્ણયને આવકારતા પ્રતિભાવો પણ તેજ સમયથી આવી રહ્યા છે. ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પી.ટી.ઉષા, બોક્સર જૈસ્મીન લામ્બોરિયા સહિતની હસ્તીઓએ આ નિર્ણયને આવકાર્યો હતો, તો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ નિર્ણયને આવકારતા કહ્યું હતું કે યુવાશક્તિના સશક્તિકરણ, ખેલ જગતને પ્રોત્સાહન અને દેશની સર્વક્ષેત્રિય પ્રતિભા વધારવાના આ ઉદ્દેશ્ય સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રકચર અને વૈશ્વિક ક્ષમતા સાથે આપણે આ ગૌરવપ્રદ ક્ષણને આવકારીએ. વડાપ્રધાનશ્રીએ પણ આ ઈવેન્ટને લઈને તત્પરતા વ્યક્ત કરી છે. કોમનવેલ્થ ગેમ્સને મીની ઓલિમ્પિક ગેમ્સ પણ ગણવામાં આવે છે, અને ગુજરાતના અમદાવાદમાં આ માટે પ્રવર્તમાન સુવિધાઓ ઊભી થશે, તેથી આ મેગા આયોજનથી સ્થાનિક રોજગારી, ઈન્ફ્રાસ્ટ્રકચર, વિકાસ તથા ટુરિઝમ ડેવલપમેન્ટ સહિતના મહત્ત્વપૂર્ણ પૂરક ફાયદાઓ પણ મળવાના છે.

ક્રિકેટની કેટલીક મહત્ત્વપૂર્ણ મેચો ક્ષમતા, સુવિધાઓ તથા પરિવહનની દૃષ્ટિએ અને મોટું સ્ટેડિયમ હોવાથી અમદાવાદને મળે, તેની સામે અદેખાઈ કરતા અન્ય રાજ્યોના કેટલાક રાજનેતાઓએ પણ કોમનવેલ્થના આયોજનમાં ગુજરાત અને દેશની પડખે ઊભા રહેવું પડશે. આ સ્પર્ધાઓ અમદાવાદમાં યોજાતા ટુરિઝમ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને એમ્પ્લોયમેન્ટનું ટ્રિપલ બુસ્ટર મળશે અને હજારો કરોડના ઈન્વેસ્ટમેન્ટ સાથે ગ્લોબલ મેપમાં અમદાવાદ અને ગુજરાતનું ગૌરવવંતુ સ્થાન મળશે. બસ, ધ્યાન એટલું રાખવાનું કે જામનગરના ફલાય ઓવરબ્રિજ ખુલ્લો મુકાયા પછી ત્યાં જે પ્રકારની ગંદી અને લાપરવાહી પૂર્ણ હરકતો થઈ છે, તથા વાપીમાં બ્રિજના નિર્માણ માટેના ખાતમુહૂત થયાના ૩ વર્ષ થઈ ચુક્યા છે છતાં આજદિન સુધી બ્રિજનું કામ પૂર્ણ થઈ શક્યું નથી તેવી નાલેશી કોમનવેલ્થના ડેસ્ટિનેશન પર તો હરગીઝ ન જ થવું જોઈએ ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સની યજમાની તો મળી ગઈ પરંતુ આ કારણે માત્ર ગુજરાત સરકાર કે તેના તંત્રો જ નહીં, પરંતુ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, ગુજરાતીઓ તથા ખાસ કરીને અમદાવાદના રહીશોની જવાબદારી ઘણી જ વધી જવાની છે. આ તકને ઓલિમ્પિકના અવસરમાં બદલવા માટે સૌ કોઈએ સમર્પિત થવું જ પડશે. ગંદકી કરવાની, ટ્રાફિક નિયમોનો સરેઆમ ભંગ કરવાની તથા છીછરી હરકતો કરવાની આદતો ધરાવતા લોકોને અંકુશમાં રાખવા પડશે તથા તમામ વ્યવસ્થાઓને અનેકગણી સુદૃઢ અને સક્ષમ બનાવવી પડશે.

કોમનવેલ્થ સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા સ્પષ્ટતા કરાઈ હતી કે આ વખતે અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં એથ્લેટિક્સ, સ્વિમીંગ, બાઉલ્સ, તમામ પેરા સ્પોર્ટસ સહિત વેઈટ લિફટીંગ, આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક,બોક્સિંગ, નેટબોલ અને ટેબલટેનિસ સહિત કુલ ૧૫ થી ૧૭ સ્પોર્ટ્સનો સમાવેશ થશે.

આ ગેમ્સ સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ અમદાવાદમાં રમાશે, અને વિશ્વના સૌથી મોટા ગણાતા સ્ટેડિયમ ઉપરાંત આ કોમ્પ્લેક્ષમાં અત્યાધુનિક ફૂટબોલ સ્ટેડિયમ, બે વિશાળ ઈન્ડોર એરેના, હાઈટેક એક્વેટિક્સ સેન્ટર અને તમામ પ્રકારની પૂરક અદ્યતન વ્યવસ્થાઓ તથા સુખસુવિધાઓ તથા આવાસ, નિવાસ, પરિવહન અને પ્રેક્ટિસની સગવડો પણ ઊભી કરવામાં આવી રહી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ આવકારદાયક છે અને આપણાં ગરવા ગુજરાત માટે એક સુવર્ણ અવસર છે, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે, તે જ અમદાવાદ ભયંકર ટ્રાફિકજામ માટે પણ જાણીતું છે. આ મહાનગરની આંતરિક ટ્રાફિક વ્યવસ્થા અંગે અવારનવાર હાઈએલર્ટ તથા સરકારી કાર્યાલયો સુધી પડઘા પડ્યા છે. અમદાવાદમાં રખડતા ઢોર, ટ્રાફિક નિયમોના ભંગ તથા માર્ગો પર પડતા ભૂવાઓ (ઊંડા ખાડાઓ) અંગે રાજ્યની હાઈકોર્ટે પણ અવારનવાર એ.એમ.સી. તથા રાજ્ય સરકારના તંત્રોને તતડાવ્યા છે, અને કેટલીક વખત તો વડી અદાલતે સુઓમોટો સુનાવણી કરીને કોર્પોરેશન તથા રાજ્ય સરકારના તંત્રોને તથા ઉચ્ચ અધિકારીઓના ખુલાસાઓ પણ માંગ્યા છે.

જો કે, અમદાવાદના કેટલાક વિસ્તારોમાં તથા વિકસિત કરાઈ રહેલા સંકુલો, સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ એન્કલેવ અને તેમાં સમાવિષ્ટ ન.મો. સ્ટેડિયમ સહિતના ખેલસંકુલોમાં સમસ્યાઓ તથા ગીચતા અને ટ્રાફિકજામની ઉણપો પ્રમાણમાં ઓછી હશે, પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાની આટલી બધી ગેમ્સ અને પ્રવૃત્તિઓ થવાની હોય, ત્યાં બહારથી પણ બહોળી સંખ્યામાં લોકો તથા પ્રવાસીઓ, ખેલાડીઓ, સંલગ્ન અધિકારી કર્મચારીઓ અને પૂરક વ્યાવસાયિકો તો આખા અમદાવાદમાં ફેલાઈ જવાના છે, તેથી અત્યારના અમદાવાદને પાંચ વર્ષમાં ઘણું જ બદલવું પડશે. આપણી પાસે વર્ષ ૨૦૧૦માં દિલ્હીમાં કોમનવેલ્થ સ્પર્ધાઓ યોજયાનો અનુભવ પણ છે અને તે સમયની સરખામણીમાં ટેક્નોલોજી, સંચાર વ્યવસ્થાઓ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પણ ઘણું જ એડવાન્સ તથા આધુનિક બની ગયું છે, તેમ છતાં ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર માટે તો આ મોટો પડકાર જ છે અને તેમાં જો થોડી ઘણી પણ કચાશ રહી જાય, તો આ જ ગૌરવ આપણા દેશ માટે બૂમરેંગ પણ પૂરવાર થઈ શકે તેમ છે, તેથી આગામી પાંચ વર્ષમાં તમામ પ્રકારની સંભાવનાઓને સાંકળીને આ ભગીરથ પડકાર ઝીલવાની તૈયારી કરવી પડે તેમ છે. આ પાંચ વર્ષના સમયગાળામાં જ ગુજરાત વિધાનસભાની વર્ષ ૨૦૨૭માં ચૂંટણીઓ થવાની છે, જ્યારે વર્ષ ૨૦૨૯માં લોકસભાનીચૂંટણીઓ પણ આવશે, અને સરકારો બદલાશે, પરંતુ આ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં કોઈ ખામી ન રહી જાય, તે માટે રાજકીય એકજૂથતા બતાવીને રાષ્ટ્રીય ગૌરવ માટે રાષ્ટ્રીય પર્વો જેવી જ અખંડિત તાકાત પણ બતાવવી પડશે, અને તે જવાબદારી આપણી બધાની છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### WPLમાં RTMનો આ પ્રથમ વખત ઉપયોગ કરાયો

## WPL ઓક્શનમાં દીપ્તિ શર્મા પર નોટોનો વરસાદ

**સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને તેની પૂર્વ ટીમ UP વોરિયર્સ દ્વારા ૩.૨ કરોડમાં ફરીથી ખરીદવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** ગુરુવારે મહિલા પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૬ મેગા ઓક્શનમાં ઈતિહાસ રચાયો. પહેલીવાર કોઈ ખેલાડીને ખરીદવા માટે રાઈટ ટુ મેચ (RTM) કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતની સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને તેની પૂર્વ ટીમ UP વોરિયર્સ દ્વારા ૩.૨ કરોડમાં ફરીથી ખરીદવામાં આવી હતી. શરૂઆતની બોલીમાં દિલ્હી કેપિટલ્સ (DC)એ ૫૦ લાખમાં તેને ખરીદવાનો પ્રયાસ કર્યો.



નિયમો અનુસાર, UP વોરિયર્સને RTMનો ઉપયોગ કરવાની તક આપવામાં આવી. દીપ્તિ પાછલી WPL સીઝનમાં UP વોરિયર્સ માટે રમી હતી અને ઓક્શન પહેલા ટીમ દ્વારા તેને રિલીઝ કરવામાં આવી હતી, તેથી વોરિયર્સે સંકેત આપ્યો કે તેઓ દિલ્હીની ૫૦ લાખની બોલી સાથે મેળ ખાશે. જોકે, ખરો ડ્રામા ત્યારે શરૂ થયો જ્યારે દિલ્હી કેપિટલ્સે એક આશ્ચર્યજનક પગલું ભર્યું, જેમાં દીપ્તિ શર્માની કિંમત ૫૦ લાખથી વધારીને ૩.૨ કરોડ કરી. જે બાદ ઓક્શન હોલમાં શાંતિ છવાઈ ગઈ, કારણ કે તે અત્યાર સુધીની સૌથી વધુ બોલીઓમાંની એક હતી.

દીપ્તિ શર્મા ફરી એકવાર ૩.૨ કરોડની કિંમતે યુપી વોરિયર્સનો ભાગ બની. આ ફક્ત WPL ઈતિહાસમાં આરટીએમનો પ્રથમ સફળ ઉપયોગ નહોતો, પરંતુ ગયા સિઝનમાં દીપ્તિની વૈવિધ્યતા અને પ્રભાવશાળી પ્રદર્શનમાં ટીમના અતૂટ વિશ્વાસને પણ પ્રતિબિંબિત કરે છે. ટીમ આશા રાખશે કે તે તેના પ્રદર્શન દ્વારા આ નોંધપાત્ર રોકાણનું વળતર આપશે. ભારતમાં તાજેતરમાં યોજાયેલા વર્લ્ડ કપમાં તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરવામાં આવી હતી.

### BCCIને IPL ટીમના માલિકનો કડક સંદેશ

## સાઉથ આફ્રિકા સામેની હાર બાદ પાર્થ જિંદાલ લાલઘૂમ

**પાર્થ જિંદાલે X પર લખ્યું કે, આ હાર ભારતને ટેસ્ટ ક્રિકેટ માટે નિષ્ણાત રેડ-બોલ કોચની જરૂરિયાત દર્શાવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ક્રિકેટ ટીમની ૦-૨ ટેસ્ટ શ્રેણીની હારથી દેશવ્યાપી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુવાહાટીના બારસાપારા સ્ટેડિયમમાં ૪૦૮ રનથી થયેલા શરમજનક પરાજય બાદ, હવે ટીમના સપોર્ટ સ્ટાફ અને પસંદગી નીતિ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ દરમિયાન, દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે સોશિયલ મીડિયા પર BCCI ને સીધો સંદેશ મોકલ્યો, જેમાં ટીમની તૈયારીઓ અંગે કડક ટિપ્પણીઓ કરી.

પાર્થ જિંદાલે X પર લખ્યું કે, આ હાર ભારતને ટેસ્ટ ક્રિકેટ માટે નિષ્ણાત રેડ-બોલ કોચની જરૂરિયાત દર્શાવે છે. તેમણે કહ્યું, "ઘરે આવી હાર... મને યાદ નથી કે મેં છેલ્લી વાર આવી નબળાઈ ક્યારે જોઈ હતી. જ્યારે આપણે રેડ-બોલ નિષ્ણાતને તક આપતા નથી ત્યારે આવું થાય છે. ટેસ્ટ ફોર્મેટમાં ટીમની સાચી તાકાત ખૂટે છે. ભારતે તાત્કાલિક ટેસ્ટ ક્રિકેટ માટે અલગ કોચની નિમણૂક કરવી જોઈએ." જિંદાલની ટિપ્પણીઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે IPL ફ્રેન્ચાઇઝ માલિકો પણ વર્તમાન કોચિંગ સેટઅપ વિશે ચિંતિત છે.

હાર પછીની પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કોઈ એક ખેલાડી પર આંગળી ચીંધી ન હતી. જોકે, તેમના શબ્દો પરથી સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ કેપ્ટન ઋષભ પંતના "ગેલેરીને ખુશ કરતા શોટ"થી ખૂબ જ નારાજ હતો. ભારતે ૯૫/૧ પર સારી શરૂઆત કરી હતી, પરંતુ માર્કો જેન્સનના શાનદાર સ્પેલને કારણે સ્કોર ૧૨૨/૭ પર આવી ગયો. પંતે બિનજરૂરી આક્રમક શોટ રમીને પોતાની વિકેટ પણ ગુમાવી દીધી, જેનાથી મેચ સંપૂર્ણપણે દક્ષિણ આફ્રિકાના પક્ષમાં ગઈ.

ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "આપણે એક શોટ માટે કોઈપણ ખેલાડીને દોષી ઠેરવી શકીએ નહીં. દરેક ખેલાડીની જવાબદારી હોય છે. આપણે રેડ-બોલ ક્રિકેટમાં નોંધપાત્ર સુધારો કરવાની જરૂર છે - પછી ભલે તે માનસિક, ટેકનિકલી હોય કે ટીમ માટે બલિદાનની દ્રષ્ટિએ. સૌથી મહત્વની બાબત એ છે કે ગેલેરી માટે ન રમવું."

એક વર્ષમાં ઘરઆંગણે બીજી ટેસ્ટ શ્રેણીની હારથી ભારતની તાકાત પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ગયા વર્ષે ન્યુઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને ૩-૦ થી હરાવ્યું હતું, અને હવે દક્ષિણ આફ્રિકાએ પણ ક્લીન સ્વીપ હાંસલ કરી લીધી છે. આનાથી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું ભારતે હવે ટેસ્ટ ક્રિકેટ માટે અલગ કોચિંગ અને પસંદગી પ્રણાલી અપનાવવી જોઈએ.

### દ.આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાનો વિશ્વ રેકોર્ડ

## બાવુમા પ્રથમ ૧૨ ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવનાર કેપ્ટન બની ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** ટેમ્બા બાવુમાના નેતૃત્વ હેઠળ દક્ષિણ આફ્રિકાએ ગુવાહાટીમાં શ્રેણીની બીજી મેચમાં ભારતને ૪૦૮ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો. રનની દ્રષ્ટિએ આ ભારતનો સૌથી મોટો ટેસ્ટ પરાજય છે. ભારતીય ટીમે તેના ટેસ્ટ ઈતિહાસમાં ત્રીજી વખત ઘરઆંગણે ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો છે. દક્ષિણ આફ્રિકા છેલ્લા ૨૫ વર્ષથી ભારતમાં સીરિઝ જીતની રાહ જોઈ રહ્યું હતું અને આફ્રિકન ટીમે તે રાહ પૂરી કરી છે. ગુવાહાટી ટેસ્ટમાં વિજય સાથે કેપ્ટન ટેમ્બા બાવુમાએ એક એવો રેકોર્ડ બનાવ્યો જે ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઈતિહાસમાં કોઈ હાંસલ કરી શક્યું ન હતું.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા હવે પ્રથમ ૧૨ ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવનાર કેપ્ટન બની ગયા છે. તેણે ૧૧ ટેસ્ટ જીતી છે, જ્યારે ફક્ત એક ટેસ્ટ ડ્રો રહી હતી. ટેસ્ટ ઈતિહાસમાં અન્ય કોઈ કેપ્ટને આ સિદ્ધિ હાંસલ કરી નથી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને ઓસ્ટ્રેલિયન કેપ્ટન લિન્ડસે હેસેટ ૧૨ ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવવા માટે ટેસ્ટ ઈતિહાસમાં બીજા સ્થાને છે. બંનેએ ૧૦-૧૦ ટેસ્ટ જીતી છે.

ટેમ્બા બાવુમા ભારતમાં ટેસ્ટ સીરિઝ જીતવા માટે ટીમનું નેતૃત્વ કરનાર માત્ર બીજા આફ્રિકન કેપ્ટન છે. તેના પહેલા, હેન્સી ક્રોન્યે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૦માં આફ્રિકન ટીમને ૨-૦થી સીરિઝ જીત અપાવી હતી. નોંધનીય છે કે બાવુમાએ કેપ્ટન તરીકે ક્યારેય ટેસ્ટ હારનો સામનો કર્યો નથી.

મેચની વાત કરીએ તો, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા સેનુરન મુથુસામીના ૧૦૯ અને માર્કો જાનસેનના ૯૩ રનની મદદથી ૪૮૯ રન બનાવ્યા હતા. ભારત તરફથી કુલદીપ યાદવે ચાર વિકેટ લીધી હતી, જ્યારે જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા અને મોહમ્મદ સિરાજે બે-બે વિકેટ લીધી હતી. ભારત પ્રથમ ઈનિંગમાં ૨૦૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જે ૨૮૮ રનથી પાછળ હતું. દક્ષિણ આફ્રિકા તરફથી માર્કો જાનસેન છ, સિમોન હાર્મરે ત્રણ અને કેશવ મહારાજે એક વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રિકાએ પોતાનો બીજી ઈનિંગમાં ૫ વિકેટે ૨૬૦ રન પર ડિક્લેર કર્યો અને પહેલી ઈનિંગમાં ૨૮૮ રનની લીડના આધારે ભારતને ૫૪૯ રનનો લક્ષ્યાંક આપ્યો.

ભારતીય ટીમ ૧૪૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં તેનો સૌથી મોટો હાર ૪૦૮ રનના માર્જિનથી થયો. બીજી ઈનિંગમાં, દક્ષિણ આફ્રિકા તરફથી સિમોન હાર્મરે ૩૭ રનમાં ૬ વિકેટ લીધી. કેશવ મહારાજે ૨ વિકેટ લીધી, જ્યારે માર્કો જેનસેન અને સેનુરન મુથુસામીએ ૧-૧ વિકેટ લીધી.

# SIRનો મુદ્દો પક્ષ-વિપક્ષ માટે રહેશે માથાનો દુખાવો

**કેન્દ્ર સરકાર લાંબા સમયથી પડતર ઘણા મહત્વપૂર્ણ બિલોને આગળ વધારવાની તૈયારી કરી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સંસદનું શિયાળુ સત્ર ૧ ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી ચાલશે. લોકસભા બુલેટિન મુજબ, આ સત્રમાં કુલ ૧૦ નવા બિલ રજૂ કરવામાં આવી શકે છે. આમાંથી સૌથી મહત્વપૂર્ણ પરમાણુ ઉર્જા બિલ છે, જે દેશના પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં અત્યાર સુધીનો સૌથી મોટો ફેરફાર લાવશે. અત્યાર સુધી, પરમાણુ પ્લાન્ટનું બાંધકામ અને સંચાલન સંપૂર્ણપણે સરકારી કંપનીઓના હાથમાં રહ્યું છે. જોકે, નવા બિલ હેઠળ, ભારતીય અને વિદેશી ખાનગી કંપનીઓને પણ પરમાણુ ઉર્જા પ્લાન્ટ સ્થાપવાની પરવાનગી આપવામાં આવશે. આ ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે, કારણ કે તેનાથી પરમાણુ ઉર્જા ઉત્પાદનમાં સ્પર્ધા અને રોકાણ બંનેમાં વધારો થવાની અપેક્ષા છે.

સરકાર ઉચ્ચ શિક્ષણ આયોગ બિલ પણ રજૂ કરી રહી છે, જે ઉચ્ચ શિક્ષણ પ્રણાલીના માળખામાં નોંધપાત્ર ફેરફાર કરશે. આ બિલ હેઠળ, UGC, AICTE અને NCTE જેવી સંસ્થાઓને નાબૂદ કરવામાં આવશે અને તેના સ્થાને એક જ કેન્દ્રીય નિયમનકારી સંસ્થા બનાવવામાં આવશે. સરકારનો દાવો છે કે, આ યુનિવર્સિટીઓ અને કોલેજોને વધુ સ્વાયત્તતા પ્રદાન કરશે અને સિસ્ટમને વધુ પારદર્શક બનાવશે.

આ સત્રમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ (સુધારા) બિલ પણ રજૂ કરવામાં આવશે, જેનો હેતુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સમાં વિલંબ અટકાવવા માટે જમીન સંપાદન પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાનો છે. વધુમાં, કોર્પોરેટ કાયદો (સુધારા) બિલ, ૨૦૨૫, જે કંપની અધિનિયમ ૨૦૧૩ અને LLP અધિનિયમ ૨૦૦૮ માં જરૂરી ફેરફારો કરીને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપશે, તે પણ એજન્ડામાં છે.

કેન્દ્ર સરકાર સિક્યોરિટીઝ માર્કેટ્સ કોડ બિલ પણ રજૂ કરી રહી છે, જે સેબી એક્ટ, ડિપોઝિટરીઝ એક્ટ અને સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ એક્ટને એક જ કાયદામાં એકીકૃત કરશે. વધુમાં, બંધારણમાં ૧૩૧મો સુધારો પ્રસ્તાવિત છે, જે ચંદીગઢને બંધારણની કલમ ૨૪૦ ના દાયરામાં લાવશે. આના કારણે પહેલાથી જ વિવાદ થયો છે. વધુમાં, કંપનીઓ અને વ્યક્તિઓ વચ્ચેના વિવાદોના ઝડપી નિરાકરણને સરળ બનાવવા માટે મધ્યસ્થી કાયદામાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે.

SIR વિવાદને કારણે અગાઉના ચોમાસા સત્રમાં દરરોજ હોબાળો થયો હતો. લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહીનો નોંધપાત્ર ભાગ ખોરવાઈ ગયો હતો, જોકે બંને ગૃહોએ એકસાથે ૨૭ બિલ પસાર કર્યા હતા. રાજ્યસભાના ઉપાધ્યક્ષ જગદીપ ધનખરે ચોમાસા સત્રની શરૂઆતમાં રાજીનામું આપ્યું હતું, અને ત્યારબાદ SIR વિવાદે ગૃહની કાર્યવાહીને ગોટે ચડાવી દીધી હતી.

આ સત્રમાં વિપક્ષની તૈયારી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના સંભવિત મહાભિયોગને પ્રકાશિત કરી રહી છે. INDIA ગઠબંધને ઓગસ્ટમાં તેની બેઠકમાં સંકેત આપ્યો હતો કે, તે શિયાળુ સત્ર દરમિયાન આ બાબતે નોટિસ દાખલ કરશે. આ વિવાદ ત્યારે શરૂ થયો, જ્યારે રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યો, અને CEC એ તેમને આરોપો પર સોગંદનામું દાખલ કરવા અથવા જાહેરમાં માફી માંગવા કહ્યું હતું.

વિપક્ષે પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. પરિણામે, આ સત્ર રાજકીય બઘડાટી, ઉગ્ર ચર્ચા અને કાયદાકીય પ્રવૃત્તિઓનું મિશ્રણ જોવા માટે તૈયાર છે. આ દરમિયાન, સરકારે ૩૦ નવેમ્બરે સર્વપક્ષીય બેઠક બોલાવી છે, જ્યાં તે સત્રનો એજન્ડા વિપક્ષ સમક્ષ રજૂ કરશે અને ગૃહ ચલાવવામાં સહયોગ માંગશે.

### સુપ્રીમ કોર્ટે સરકાર પાસેથી જવાબ માંગ્યો

## OTT પ્લેટફોર્મ ઉપર વાંધાજનક કન્ટેન્ટને લઈને સુનાવણી હાથ ધરાઈ

**સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ પર અશ્લીલ કન્ટેન્ટના નિયમો અંગે સરકારને ૪ અઠવાડિયામાં જવાબ આપવા માટે કહ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સુપ્રીમ કોર્ટે આજે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ પર વાંધાજનક કન્ટેન્ટને લઈને સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટે કેન્દ્ર સરકારને ચાર અઠવાડિયામાં જવાબ આપવા માટે કહ્યું છે. સુનાવણી દરમિયાન, આવા કન્ટેન્ટના પ્રસારણને કારણે સમાજ પર તેની અસર વિશે વિચારણા કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જયમાલા બાગચીની બેન્ચે આ મુદ્દે વિગતવાર સુનાવણી કરી હતી.

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, આજના ડિજિટલ યુગમાં ફોન ચાલુ કરતાં જ એવા કન્ટેન્ટ સામે આવી જાય છે, જે આપણે જોઈ પણ ન શકીએ. તેમણે ઉદાહરણ આપ્યું કે પુસ્તકો, ચિત્રો કે અન્ય માધ્યમોમાં પણ અશ્લીલતા મળી શકે છે. જો આવા કન્ટેન્ટની હરાજી થાય તો પ્રતિબંધો લાદવા જરૂરી છે. તેમણે ભાર મૂક્યો કે, યૂઝર્સઓને અશ્લીલ કન્ટેન્ટથી બચાવવા માટે એલર્ટ અને ડિસ્ક્લેમર્સની વ્યવસ્થા કરવી જોઈએ. એલર્ટ ફક્ત થોડીક સેકન્ડ માટે હોવી જોઈએ, જેથી યૂઝર્સ તેને સમજીને આગળ વધી શકે.

ન્યાયાધીશ જયમાલા બાગચીએ જણાવ્યું કે, આવી સામગ્રીથી કેટલાક લોકો ચોંકી શકે છે, તેથી તેમના માટે પ્રારંભિક ચેતવણી આવશ્યક છે. તેમણે કહ્યું કે, આ માત્ર ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો વિશે નથી, પરંતુ તેનું મુખ્ય ધ્યેય એ છે કે, આવી સામગ્રી જાહેર વપરાશ અથવા જાહેરમાં જોવા માટે યોગ્ય નથી. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ચેતવણી યૂઝર્સને માનસિક રીતે તૈયાર કરી શકે છે અને અનિચ્છનીય અસરને ટાળી શકે છે. મુખ્ય ન્યાયાધીશે વધુમાં કહ્યું કે, ડિસ્ક્લેમર આપ્યા પછી પણ શો શરૂ થાય છે, પરંતુ યૂઝર્સ તેને ન જોવાનું નક્કી કરે ત્યાં સુધીમાં તો તે ચાલુ થઈ જાય છે. તેમણે સૂચવ્યું કે, ઉંમર ચકાસણી માટે આધાર કાર્ડ જેવા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકાય છે. આમ કરવાથી કન્ટેન્ટનું પ્રસારણ વધુ જવાબદારીપૂર્વક થઈ શકે છે.

તેમણે ભાર મૂક્યો કે, આવી વ્યવસ્થાઓથી સમાજમાં જવાબદારીનું વાતાવરણ બની શકે છે. સુપ્રીમ કોર્ટે એક જવાબદાર સમાજ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સૂચવ્યું કે, એક સમિતિની રચના કરવી જોઈએ જેમાં નિષ્ણાતો, ન્યાયતંત્ર અને મીડિયાના પ્રતિનિધિઓનો સમાવેશ થાય. આ સમિતિ પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામ કરી શકે છે. જો આ અભિવ્યક્તિની સ્વતંત્રતાને અવરોધે તો તેના પર વિચાર કરી શકાય છે. કોર્ટે કહ્યું કે, એકવાર જવાબદાર સમાજ બને તો મોટાભાગની સમસ્યાઓ આપમેળે હલ થઈ જશે.

આ કેસમાં ઓપરેશન સિંદૂરનું પણ ઉદાહરણ આપવામાં આવ્યું હતું. જ્યારે સમાચાર પ્રસારણ સંગઠનોએ નવા નિયમોને સેન્સરશીપ તરીકે વિરોધ કર્યો, ત્યારે ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે, સામગ્રી ૪૮ કલાક પછી દૂર કરવામાં આવે તો પણ તે વાયરલ થઈ જાય છે. તેમણે જણાવ્યું કે, ઑડિઓ અને વીડિયો માટે પ્રી-પ્રકાશન સેન્સરશીપ છે, કારણ કે તેમની ફેલાવાની ક્ષમતા વધુ છે. સોશિયલ મીડિયા તો વધુ અસ્પષ્ટ છે, કારણ કે તે વૈશ્વિક સ્તરે ફેલાય છે.

### દિવ્યાંગો માટે વિશેષ શો કરે સમય રૈના : સુપ્રીમ કોર્ટનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર અશ્લીલ કન્ટેન્ટ પર નજર રાખવા માટે સ્વતંત્ર સંસ્થા બનાવવાની જરૂર છે. ચીફ જસ્ટિસે કહ્યું છે કે, અભિવ્યક્તિની સ્વતંત્રતા એક અધિકાર છે પણ તે વિકૃતિ ફેલાવવાનું કારણ ન બની શકે. જો કોઈ કાર્યક્રમમાં એડલ્ટ કન્ટેન્ટ છે તો પહેલેથી જ ચેતવણી આપવી જોઈએ.

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ નામના શોમાં અશ્લીલ કન્ટેન્ટને લઈને થયેલી FIR વિરુદ્ધ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી સુનાવણી દરમિયાન એટોર્ની જનરલ આર. વેંકટમણિ અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર આ મામલે નવા દિશા નિર્દેશ તૈયાર કરી રહી છે જેના માટે ચર્ચા વિચારણા ચાલુ છે. ચીફ જસ્ટિસે પૂછ્યું કે, આશ્ચર્યની વાત છે કે આવા કન્ટેન્ટ ક્રિએટર્સ માટે કોઈ નિયમો જ નથી? હું પોતાની જ ચેનલ બનાવું અને પછી તેમાં પ્રકાશિત થતાં કન્ટેન્ટ પ્રત્યે જવાબદાર ન રહું? આવું તો કેવી રીતે ચાલે? કોઈને કોઈની તો જવાબદારી નક્કી કરવી જ પડશે.


ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ નામના શોમાં દિવ્યાંગોની મજાક ઉડાવવાના કેસમાં સુપ્રીમ કોર્ટે કોમેડિયન સમય રૈના સહિત પાંચ કોમેડિયનને આદેશ આપ્યો છે કે તે દિવ્યાંગ લોકોના સન્માનમાં એક શો આયોજિત કરે અને તે પબ્લીશ પણ કરે.

સુપ્રીમ કોર્ટે કોમેડિયન્સ અને યુટ્યુબર્સને કહ્યું છે કે, તેઓ દિવ્યાંગજનોની સંઘર્ષથી સફળતાની કહાણી બતાવે. જેથી દિવ્યાંગોની સારવાર માટે ફંડ પણ ભેગું કરી શકાય. સુપ્રીમ કોર્ટે જે કોમેડિયન્સને આદેશ આપ્યો છે તેમાં સમય રૈનાની સાથે વિપુલ ગોયલ, બલરાજ સિંહ ઘઈ, સોનાલી ઠક્કર, આદિત્ય દેસાઈ અને નિશાંત જગદીપ તંવરનું નામ સામેલ છે.

વિવિધ OTT પ્લેટફોર્મ દ્વારા એવી દલીલ કરાઈ કે હાલ તેઓ સ્વેચ્છાએ ડિજિટલ મીડિયા આચાર સંહિતાનું પાલન કરે છે. જેના પર કોર્ટે કહ્યું કે સ્વયંભૂ સંસ્થાઓથી કામ નહીં ચાલે. એક તટસ્થ અને સ્વતંત્ર સંસ્થાની જરૂર છે. જે સરકારન પ્રભાવથી પણ મુક્ત હોય. CJIએ વધુમાં કહ્યું કે, શોમાં ચેતવણી અને ડિસ્ક્લેમર પણ પ્રભાવી રૂપે દર્શાવાતું નથી. ઉંમરના વેરિફિકેશન માટે પણ સિસ્ટમની જરૂર છે.

સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ પર અશ્લીલ કન્ટેન્ટ મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ૪ સપ્તાહમાં જવાબ માંગ્યો છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું વિક્રમ-૧ રોકેટ



**વિક્રમ-૧ની કાર્બન કોમ્પોઝિટ બોડી છે, તેના ચોથા સ્ટેજમાં 3D પ્રિન્ટેડ લિક્વિડ એન્જિનનો ઉપયોગ થાય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ વિક્રમ-૧ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતમાં હવે પ્રાઈવેટ સ્પેસ સેક્ટર શરૂ થઈ રહ્યું છે. ભારતને સ્પેસ સેક્ટરમાં આગળ પહોંચાડવા માટે સરકાર ખૂબ જ કોશિશ કરી રહી છે. નરેન્દ્ર મોદી દ્વારા સ્કાયરૂટ એરોસ્પેસનું ઈન્ફિનિટી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વિક્રમ-૧ એક પ્રાઈવેટ ઓર્બિટ રોકેટ છે. એના દ્વારા ભારત હવે સ્પેસમાં ખૂબ જ ઝડપથી આગળ વધશે. આ પ્રાઈવેટ સેક્ટરનો ઉપયોગ હવે ઈસરો અને દેશના અન્ય સ્પેસ એજન્સીઓ પણ કરી શકશે.

ઈન્ફિનિટી કેમ્પસને બે લાખ સ્ક્વેર ફૂટમાં બનાવવામાં આવ્યું છે. એમાં દર મહિને એક રોકેટને લોન્ચ કરવાની ક્ષમતા છે. આ કેમ્પસમાં ડિઝાઈનની સાથે રોકેટ બનાવવાની અને એને લોન્ચ કરવાની સાથે જ એને ટેસ્ટ પણ કરશે. વિક્રમ-૧ રોકેટ અર્થની લો ઓર્બિટમાં જવા માટે સક્ષમ છે. આ રોકેટ ૫૦૦ કિલોગ્રામ સુધીનું વજન લઈ જઈ શકે છે.

વિક્રમ-૧ની કાર્બન કોમ્પોઝિટ બોડી છે. તેના ચોથા સ્ટેજમાં 3D પ્રિન્ટેડ લિક્વિડ એન્જિનનો ઉપયોગ થાય છે. એના કારણે તે જૂની ડિઝાઈન કરતાં એકદમ હલકું છે. સ્કાયરૂટ આ દ્વારા લોન્ચને ખૂબ જ ઝડપી અને ફ્લેક્સિબલ બનાવવા માગે છે. આ ડિઝાઈન દ્વારા તેમણે ઈનોવેશન કર્યું હોવાથી એ ગેમ ચેન્જર બની શકે છે. આ વિશે નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'છેલ્લા કેટલાક વર્ષમાં ભારતની એવિએશન સેક્ટરમાં ખૂબ જ અદ્ભુત વિકાસ થયો છે. દુનિયામાં આજે ભારત ખૂબ જ ઝડપથી વિકાસ કરતું ડોમેસ્ટિક એવિએશન માર્કેટ છે. દુનિયાભરમાં ડોમેસ્ટિક માર્કેટમાં ભારત આજે ત્રીજા ક્રમે છે. ભારતના લોકોની મહત્ત્વકાંક્ષા ખરેખર આકાશ સ્પર્શી રહી છે.'

વિક્રમ-૧નો ઉપયોગ નાની સેટેલાઈટ્સને ખૂબ જ ઝડપથી લોન્ચ કરવા માટે કરી શકાય છે. ઈસરોના SSLV અને રોકેટ લેબના ઈલેક્ટ્રોનની જેમ આ રોકેટ પણ ખૂબ જ ઝડપથી દિશા બદલી શકે છે.

આ રોકેટ દ્વારા ઓછા સમયમાં ઓછા ખર્ચે મહત્ત્વનું કામ કરી શકાય છે. આથી ભારતમાં જ નહીં, પરંતુ આખી દુનિયાભરમાં આ રોકેટ ઈન્ડિયન સ્પેસ ટેક્નોલોજીને આગળ લાવી રહ્યું છે.

## ઉત્તર પ્રદેશના મિરઝાપુરમાં જામા મસ્જિદમાં મોડી રાતે આગ લગાવી, ૫ લોકો પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મિરઝાપુર, તા.૨૭**

ઉત્તર પ્રદેશમાંથી એક શરમજનક ઘટના સામે આવી છે. ઉત્તર પ્રદેશના મિરઝાપુરમાં આવેલી જામા મસ્જિદમાં રાતે આગ લગાવી દેવામાં આવી હતી. મસ્જિદનો ગેટ પણ આ આગની લપેટમાં આવી ગયો હતો.

આ સાથે જ મસ્જિદના ગેટને નુકસાન પહોંચાડવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ હડકંપ મચી ગયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબુમાં લીધી અને ભારે સુરક્ષા દળો તહેનાત કરી દેવામાં આવ્યા છે.

હવે મિરઝાપુર પોલીસે એ તમામ લોકોની ધરપકડ કરી લીધી છે જેમણે મસ્જિદમાં આગ લગાવી હતી. તમને જણાવી દઈએ કે, આ તમામ લોકો મસ્જિદમાં આગ લગાવીને ઘટના સ્થળેથી ભાગી ગયા હતા. પરંતુ પોલીસે તપાસ બાદ આ તમામને દબોચી લીધા છે. આ સમગ્ર ઘટના મિરઝાપુરના ચુનાર પોલીસ સ્ટેશન વિસ્તારના મોચી ટોલામાં સ્થિત જામા મસ્જિદમાં ઘટી હતી. અહીં રાતે લગભગ ૨:૦૦ વાગ્યે મસ્જિદમાંથી અચાનક આગની જ્વાળાઓ નીકળવા લાગી. આ જોઈને ઘટનાસ્થળે હડકંપ મચી ગયો અને લોકોએ પોલીસને ઘટના અંગે જાણ કરી.

આ આગની લપેટમાં મસ્જિદના મુખ્ય ભવનનો ગેટ, લાકડાના દરવાજા આવી ગયા અને મસ્જિદમાં રાખેલો લાખોનો સામાન બળીને ખાખ થઈ ગયો. આ મામલે પોલીસે ૫ યુવકોને જેલ ભેગા કરી દીધા છે.

તપાસમાં સામે આવ્યું છે કે, દારૂના નશામાં આ યુવકોએ મસ્જિદમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો અને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં તણાવ ઊભો થયો હતો પરંતુ પોલીસે તાત્કાલિક કડક કાર્યવાહી કરીને સ્થિતિને કાબુમાં લીધી હતી.

ઈન્સ્પેક્ટર વિજય શંકર સિંહના જણાવ્યા પ્રમાણે પોલીસે આ મામલે રણજીત સેઠ, રોહિત ગુપ્તા, ગણેશ, પ્રિન્સ મૌર્ય અને રોશનની ધરપકડ કરી છે.

આ તમામની અલગ-અલગ સ્થળોએથી ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તે બધા દારૂના નશામાં હતા.

આ સમગ્ર મામલે મનીષ કુમાર મિશ્રા (ASP મિરઝાપુર) એ જણાવ્યું કે, આ ઘટના દારૂના નશામાં બની હતી. કેસ નોંધી લેવામાં આવ્યો છે અને આ મામલે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# UN રિપોર્ટમાં ઘટસ્ફોટ : ગામડાં ખાલી થઈ રહ્યા છે, દુનિયાની ૮૦% વસતીની શહેરો તરફ દોટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૨૭**

વિશ્વની માનવ વસ્તીના વિતરણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના તાજેતરના રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે વિશ્વની ૮૦ ટકાથી વધુ વસ્તી હવે શહેરોમાં રહે છે, જ્યારે ગ્રામીણ વિસ્તારો ખાલી થઈ રહ્યા છે. આ આંકડો વૈશ્વિક વસ્તીના વિતરણને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે અને માનવ સંસ્કૃતિના કેન્દ્રો હવે સંપૂર્ણપણે શહેરી વિસ્તારો બની ગયા છે.

અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, આજે વિશ્વની લગભગ મોટા ભાગની વસ્તી શહેરો અને નગરોમાં રહે છે. ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫% લોકો શહેરોમાં અને ૩૬% ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો.

અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, વિશ્વની વસ્તી શહેરો અને નગરોમાં રહેવા માટે આક્રમક રીતે સ્થળાંતર કરી રહી છે. વર્ષ ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫ ટકા લોકો શહેરોમાં અને ૩૬ ટકા ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો.

રિપોર્ટ અનુસાર, ૨૦૫૦ સુધીમાં વિશ્વની ૮૩ ટકા વસ્તી શહેરોમાં રહેશે. આનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં, શહેરો વિસ્તરશે અને ગામડાઓ વધુ ઉજ્જડ બનશે. પૂર્વી અને દક્ષિણ એશિયામાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, લોકો ગામડા છોડીને મુખ્યત્વે સારું શિક્ષણ, નોકરી અથવા સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે.

યુએનના રિપોર્ટમાં વિશ્વના વિવિધ ભાગોમાં શહેરીકરણ પાછળના મુખ્ય કારણો રજૂ કરાયા છે. એશિયા (ખાસ કરીને ભારત) લોકો ગામડાં છોડીને મુખ્યત્વે સારી શિક્ષણ, નોકરીની તકો અને સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે.

યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા વિકસિત પ્રદેશોમાં શહેરીકરણ મુખ્યત્વે અન્ય દેશોમાંથી આવતા લોકોના ધસારા (આંતરરાષ્ટ્રીય સ્થળાંતર) ને કારણે થઈ રહ્યું છે. જ્યારે આફ્રિકામાં શહેરીકરણ મુખ્યત્વે ઉચ્ચ જન્મ દરને કારણે થાય છે, જ્યાં વસ્તી ઝડપથી વધી રહી છે.

શહેરીકરણ માત્ર વસ્તી વૃદ્ધિ જ નહીં પરંતુ લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર કરી રહ્યું છે. કિંગ્સ કોલેજ લંડનના નિષ્ણાત એન્ડ્રીયા મેચેલીના મતે, શહેરોમાં વાયુ પ્રદૂષણ અને વધતી ગરમી લોકોને બીમાર બનાવી રહી છે. આનાથી હૃદય રોગ અને અલ્ઝાઈમર જેવા રોગોનું જોખમ વધે છે. વધુમાં ઘણાં શહેરી વિસ્તારોમાં ઉદ્યાનો અને લીલી જગ્યાઓનો અભાવ છે. ઉલ્લેખનીય છે કે, આ રિપોર્ટ વૈશ્વિક નીતિ નિર્માતાઓ માટે એક ચેતવણી સમાન છે કે જો શહેરો પરનું ભારણ આ રીતે વધતું રહ્યું, તો માળખાકીય અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો ઉભા થઈ શકે છે.

# અમેરિકામાં વ્હાઈટ હાઉસ નજીક ગોળીબાર, શંકાસ્પદ શખ્સ પકડાયો : નેશનલ ગાર્ડના બે જવાન ઘાયલ થયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

દુનિયાના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યાં રહે છે, તેનાથી ફક્ત થોડા અંતર પર જ ગોળીબારની ઘટના સામે આવી છે. વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસથી થોડા જ દૂર ગોળીબારમાં ઓછામાં ઓછા ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં બે નેશનલ ગાર્ડ સભ્ય પણ સામેલ છે. આ ઘટના સ્થાનિક સમયાનુસાર બપોરે 2:30 વાગ્યે થઈ હતી. ઈજાગ્રસ્ત થયેલા નેશનલ ગાર્ડના બે સભ્યોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

વેસ્ટ વર્જીનિયાના ગવર્નર પૈટ્રિક મૉરિસી પહેલાં એક્સ પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, બે નેશનલ ગાર્ડના સભ્યોના મોત થઈ ચુક્યા છે. જોકે, તેમણે પોતાની પોસ્ટ બાદમાં ડિલિટ કરી દીધી.

મેટ્રોપૉલિટન પોલીસ વિભાગે જણાવ્યું કે, ગોળીબાર વ્હાઈટ હાઉસની પાસે થયો છે. ઘટનાની તુરંત બાદ વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. અસૉલ્ટ રાઈફલથી સજ્જ અધિકારી અનેક બ્લૉક્સમાં ફેલાઇ ગયા અને આખો વિસ્તાર સીલબંધ કરી દેવામાં આવ્યો. રસ્તા બંધ કરી દેવાયા, અનેક પોલીસ ગાડીઓ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ ટીમ સક્રિય થઈ ગઈ. ત્યાં હાજર લોકોના જણાવ્યાનુસાર, અમુક જ મિનિટોમાં સુરક્ષાનો એક મોટો ઘેરો બનાવી દેવાયો અને કોઈને પણ પાસે જવાની મંજૂરી નહતી.

FBIની વોશિંગ્ટન ફીલ્ડ ઓફિસે કહ્યું કે, વોશિંગ્ટન ડીસીમાં બે નેશનલ ગાર્ડ સભ્યો પર થયેલી ફાયરિંગની તપાસ માટે સ્થાનિક કાયદાનું અમલ કરાવતી એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે. તપાસ શરૂ હોવાના કારણે હાલ કોઈ વધુ માહિતી શેર કરી શકાશે નહીં. જોકે, અધિકારીઓએ હજું સુધી એ નથી જણાવ્યું કે, ફાયરિંગ કેમ થઈ? આટલા મહત્ત્વપૂર્ણ સ્થળે ગોળીબાર થવો એક ગંભીર બાબત છે. તેથી, તપાસ એજન્સી કોઈપણ જાણકારીને ઉતાવળમાં જાહેર નથી કરી રહી.

જણાવવામાં આવી રહ્યું છે કે, આરોપી અફઘાનિસ્તાનનો નાગરિક છે. શંકાસ્પદનું નામ રહેમાનુલ્લાહ લાકનવાલ જણાવવામાં આવી રહ્યું છે. શરૂઆતી તપાસમાં સામે આવી રહ્યું છે, 2021માં USCIS (યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ)એ અફઘાન નાગરિકો માટે 'ઓપરેશન અલાઈઝ વેલકમ' હેઠળ અસાઈલમ (શરણ) અરજી પ્રક્રિયા તેજ કરવામાં આવી હતી અને લાકનવાલે પણ આ પ્રોગ્રામનો ઉપયોગ કરીને અમેરિકામાં પ્રવેશ કર્યો હતો. વળી, આ મામલે FBI આતંકી હુમલાની તપાસ કરશે. નેશનલ ગાર્ડના બે જવાનો પર ગોળીબાર કરનારની ઓળખ કરી લેવાઈ છે. એજન્સી અનુસાર, હુમલો કરનારા વોશિંગ્ટન વિસ્તારના નિવાસી નથી. હાલ, હુમલાખોરોની ધરપકડ કરી દેવાઈ છે અને તેમની પૂછપરછ શરૂ છે. અધિકારી ઘટનાનો હેતુ તપાસી રહ્યા છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલાઈન લિવિટે જણાવ્યું કે, 'પ્રમુખને આ વિશે જાણકારી આપવામાં આવી છે.'

ડોનાલ્ડ ટ્રમ્પ હાલ થેંક્સગિવિંગ રજાના પહેલાં પામ બીચ સ્થિત પોતાના રિઝોર્ટમાં છે. વળી, અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી વેન્સે આ સમયે કેંટકીમાં હાજર છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, જે વ્યક્તિએ બે નેશનલ ગાર્ડ જવાનો પર ગોળી ચલાવી, તેનાથી બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે અને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ છે. તે ખુદ પણ ઈજાગ્રસ્ત છે. પરંતુ, જેણે પણ આ હરકત કરી છે તેને આની ભારે કિંમત ચૂકવવી પડશે. આપણા મહાન નેશનલ ગાર્ડ, સેના અને તમામ કાયદો લાગુ કરાવનારી એજન્સીઓને મારી સલામ. આ ખરેખર અદ્ભૂત લોકો છે. હું અમેરિકકાનો પ્રમુખ તરીકે અને પ્રમુખ કાર્યાલય સાથે જોડાયેલા તમામ લોકો તમારી સાથે ઊભા છે.'

## શાંતિ પ્રસ્તાવને લઈને ચોંકાવનારો દાવો

# જેવું રશિયા ઈચ્છતું હતું તેવું જ થયું? ટ્રમ્પે યુક્રેન સાથે રમી નાખી ગેમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૨૭**

યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે અમેરિકાની ૨૮-સૂત્રીય યોજના હાલમાં જ સાર્વજનિક થઈ હતી. રશિયાએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે વોશિંગ્ટનમાં યોજાયેલી બેઠક બાદ ઓક્ટોબર ૨૦૨૫માં આ ડોક્યૂમેન્ટ શેર કર્યા હતા, જેમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે મોસ્કોની શરતોનો ઉલ્લેખ હતો. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આ ૨૮-સૂત્રીય યોજના રશિયન ડોક્યૂમેન્ટમાંથી લેવામાં આવી હતી. આ સ્પષ્ટ નથી કે, ટ્રમ્પ વહીવટીતંત્રે પોતાની શાંતિ યોજના લાગુ કરવા માટે રશિયન દસ્તાવેજ પર વિશ્વાસ કેમ અને કેવી રીતે કર્યો. રિપોર્ટ અનુસાર, વિદેશ મંત્રી માર્કો રુબિયો સહિત કેટલાક વરિષ્ઠ અમેરિકી અધિકારીઓએ તેની સમીક્ષા કરી હતી. તેમનું માનવું હતું કે, મોસ્કોની માંગણીઓને યુક્રેન સંપૂર્ણપણે નકારી કાઢશે.

અમેરિકાના શાંતિ સમજૂતીમાં તે જ વાતો હતી, જે રશિયન સરકારે અગાઉ વાતચીતના ટેબલ પર મૂકી હતી. તેને રાજદ્વારી ભાષામાં 'નોન-પેપર' કહેવામાં આવે છે. તેમાં એ છૂટછાટો પણ સામેલ હતી જેને યુક્રેને નકારી કાઢી હતી, જેમ કે, પૂર્વમાં પોતાના વિસ્તારનો એક મહત્વપૂર્ણ ભાગ સોંપી દેવો. સૂત્રોએ જણાવ્યું કે, દસ્તાવેજ જાહેર કર્યા પછી માર્કો રુબિયોએ રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથે વાતચીત કરી, જેમાં ૨૮-સૂત્રીય યોજના પર ચર્ચા કરવામાં આવી.

આ અંગે ટ્રમ્પે લખ્યું કે, "આ શાંતિ યોજનાને અંતિમ રૂપ આપવાની આશામાં મેં મારા વિશેષ દૂત સ્ટીવ વિટકોફને મોસ્કોમાં રાષ્ટ્રપતિ પુતિનને મળવાનો નિર્દેશ આપ્યો છે અને તે જ સમયે સેના સચિવ ડેન ડ્રિસ્કોલ યુક્રેનિયનોને મળશે."

ગયા અઠવાડિયે એક્સિઓસ દ્વારા પ્રથમ વખત શાંતિ યોજનાના રિપોર્ટ આપ્યા બાદ અમેરિકી અધિકારીઓ અને સાંસદો વચ્ચે શંકા વધી છે, જેમાંથી ઘણા લોકો આ યોજનાને રશિયન વલણની સૂચિ તરીકે જુએ છે, એક ગંભીર દરખાસ્ત તરીકે નહીં. આમ છતાં અમેરિકાએ યુક્રેન પર દબાણ કર્યું છે અને ચેતવણી આપી છે કે, જો યુક્રેન હસ્તાક્ષર નહીં કરે તો તે તેની સૈન્ય સહાય પર રોક લગાવી દેશે.

આ શાંતિ યોજનાની રૂપરેખા ગયા મહિને મિયામીમાં ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર, વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને રશિયાના કિરીલ દિમિત્રિએવ વચ્ચે થયેલી એક બેઠક દરમિયાન તૈયાર કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, વિદેશ વિભાગ અને વ્હાઈટ હાઉસની અંદર બહુ ઓછા લોકોને આ બેઠક વિશે માહિતી આપવામાં આવી હતી.

# હોંગકોંગમાં ભીષણ આગ, અનેક બિલ્ડિંગ્સ સળગી ઉઠી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

હોંગકોંગના તાઈ પો જિલ્લામાં સ્થિત એક બહુમાળી રહેણાંક સંકુલમાં બુધવાર (૨૬ નવેમ્બર) બપોરે ભીષણ આગ લાગતા કુલ ૪૪ લોકોના મોત થયા છે, જ્યારે ૨૮ લોકો દાઝી ગયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. જ્યારે અંદાજિત ૩૦૦ લોકો ગુમ છે. મૃતકોમાં એક ફાયરફાઈટરનો પણ સમાવેશ થાય છે. આ ઘટના બાદ લગભગ ૭૦૦ જેટલા રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. હજુ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે અને મૃત્યુઆંક વધવાની સંભાવના છે. મીડિયા અહેવાલો મુજબ, બપોરે ૨.૫૧ મિનિટે વાંગ ફુક કોર્ટ નામના રહેણાંક પરિસરમાં અચાનક આગ લાગી હતી અને ઊંચી બિલ્ડિંગ્સને ઝપેટમાં લઈ લીધી. ધુમાડાના કાળા વાદળો દૂર-દૂર સુધી દેખાયા અને અફરાતફરી મચી ગઈ. આ કોમ્પલેક્સના સંકુલમાં કુલ ૮ બ્લોક્સ અને ૨૦૦૦ ફ્લેટ્સ આવેલા છે. સ્થિતિની ગંભીરતાને જોતા ફાયર સર્વિસ વિભાગે 'લેવલ-૫ આલાર્મ ફાયર' જાહેર કર્યુ, જે હોંગકોંગમાં આગની સૌથી ગંભીર શ્રેણી છે. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, આખી બહુમાળી બિલ્ડિંગમાં આગ ફેલાઈ ગઈ હતી. બિલ્ડિંગની બહારની દિવાલો પર સમારકામ માટેના વાંસના લાકડા બાંધેલા હોવાથી આગ વધુ વિકરાળ બની હતી. આ ઘટનાસ્થળે ૭૬૭ ફાયરફાઈટર્સ તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસે આસપાસની ઈમારતો ખાલી કરાવી હતી. ટ્રાન્સપોર્ટ વિભાગે જણાવ્યું કે આગને કારણે ૩૦થી વધુ બસ રૂટને ડાયવર્ટ કરવામાં આવ્યા છે.




## કિસ કિસકો પ્યાર કરું ૨ ૧૨ ડિસેમ્બરે રિલીઝ થશે

# કિસ કિસકો પ્યાર કરું ૨ ના ટ્રેલરમાં કપિલ શર્માએ ત્રણ વાર ધર્મ બદલ્યો




**ટ્રેલરમાં બતાવામાં આવ્યું છે કે લગ્ન "ભૂલથી" થયા હતા કપિલ પાસે હવે તેની ત્રણ પત્નીઓની સંભાળ રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

જો તમે કપિલ શર્માને આ પ્રશ્ન પૂછો તો તે કહેશે "તેના માટે હું હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ સ્વીકારીશ, અને પછી જરૂર પડ્યે ખ્રિસ્તી ધર્મ અપનાવીશ." પરંતુ જો આટલા બધા બલિદાન આપ્યા પછી પણ, તમને તમારી ડ્રીમ ગર્લ ન મળે તો તમે શું કરશો? આ સમયમાં કપિલ પોતે જ આ મુશ્કેલીમાં મુકાઈ ગયો છે.

કિસ કિસકો પ્યાર કરું ૨ ટ્રેલરમાં યુનિક સ્ટોરી બતાવામાં આવી છે. તેના સપનાની સ્ત્રી સાથે ન રહી શકવા ઉપરાંત તેણે ત્રણેય ધર્મોમાંથી એક સ્ત્રી સાથે લગ્ન પણ કર્યા છે, જેનાથી મામલો વધુ ખરાબ થયો છે. આ રીતે "કિસ કિસકો પ્યાર કરું ૨" નું ટ્રેલર શરૂ થાય છે જે "એક રાજા અને તેની ત્રણ રાણીઓ" ની સ્ટોરી પર કેન્દ્રિત છે. તે દિગ્દર્શક જોડી અબ્બાસ-મસ્તાનની ૨૦૧૫ ની હિટ કોમેડી" કિસ કિસકો પ્યાર કરું" ની સિક્વલ તરીકે છે. ટ્રેલરમાં બતાવામાં આવ્યું છે કે, લગ્ન "ભૂલથી" થયા હતા કપિલ પાસે હવે તેની ત્રણ પત્નીઓની સંભાળ રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી, દરેક સાથે અલગ ઓળખ અપનાવવા અને ખાતરી કરવા સિવાય કે તેઓ એકબીજા સાથે ન મળે. જોકે તેને એક ખડક અને મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે મૂકીને અને તેને વધુ ગંભીર મુશ્કેલીમાં ધકેલીને, પોલીસ પણ ઘટનાસ્થળે પ્રવેશ કરે છે, એક એવા પુરુષને શોધી રહી છે જે "પહેલા જ ત્રણ લગ્ન કરી ચૂક્યો છે અને ચોથી વાર લગ્ન કરવા માંગે છે." તેના માટે એકમાત્ર વિકલ્પ એ છે કે તે જે મુશ્કેલીમાં ફસાયેલ છે તેમાંથી વહેલામાં વહેલી તકે બહાર નીકળે. પરંતુ તે કહેવું સહેલું છે કરતાં કરવું વધુ મુશ્કેલ છે. ફ્રેન્ચાઈઝીમાં અગાઉના મુવીની સરખામણીમાં ગાંડપણ વધી રહ્યું છે. કપિલ શર્મા આ વખતે નિક્કા અને ફેરાથી લઈને પ્રતિજ્ઞાઓ સુધીના દરેક પ્રકારના લગ્નમાં પોતાને જોવા મળશે. અનુકલ્પ ગોસ્વામી દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, કિસ કિસકો પ્યાર કરો ૨ માં મનજોત સિંહ, હીરા વારીના, ત્રિધા ચૌધરી, પારુલ ગુલાટી, આયેશા ખાન, અસરાની જી, અખિલેન્દ્ર મિશ્રા, વિપિન શર્મા, સુશાંત સિંહ, જેમી લીવર, સ્મિતા જયકર અને સુપ્રિયા શુક્લા પણ છે.

સ્ટાર સ્ટુડિયો ૧૮, વિનસ વર્લ્ડવાઈડ એન્ટરટેઈનમેન્ટ અને અબ્બાસ-મસ્તાન ફિલ્મ પ્રોડક્શનના બેનર હેઠળ રતન જૈન, ગણેશ જૈન અને અબ્બાસ-મસ્તાન દ્વારા નિર્માણ પામેલી આ ફિલ્મમાં યો યો હની સિંહ, ડીઆઈજીવી, યુગ ભુસાલ, પરિક્ષિત શર્મા અને નિષાદ ચંદ્રનું સંગીત, રવિ યાદવ દ્વારા સિનેમેટોગ્રાફી અને હુસૈન એ બર્માવાલા દ્વારા સંપાદન કરવામાં આવ્યું છે. કિસ કિસકો પ્યાર કરું ૨ ૧૨ ડિસેમ્બરે રિલીઝ થશે.

# ધરમજી વિના સિક્વલ બનાવવી અશક્ય, અપને ૨ નહી બને



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

બોલીવુડના હી-મેન ધર્મેન્દ્ર હવે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની ફિલ્મો હંમેશા તેમના ચાહકોમાં યાદો તરીકે રહેશે. અભિનેતાનું ૨૪ નવેમ્બરના રોજ ૮૯ વર્ષની વયે અવસાન થયું. જોકે તેમની છેલ્લી ફિલ્મ હજુ રિલીઝ થઈ નથી, 'ઈક્કીસ' ૨૫ ડિસેમ્બરના રોજ રિલીઝ થઈ રહી છે, જે તેમની છેલ્લી ફિલ્મ છે. ધર્મ પાજીથી હી-મેન સુધીની તેમની સફરમાં, તેમણે ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો જે લોકપ્રિય બની. પરંતુ એક ફિલ્મ એવી છે જેની સિક્વલ ચાહકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. પરંતુ હવે, અભિનેતાના મૃત્યુ પછી, તે મોટી ફિલ્મની સિક્વલ મુલતવી રાખવામાં આવી છે.

આ વાતની પુષ્ટિ ફિલ્મના દિગ્દર્શકે પોતે કરી છે. ધર્મેન્દ્ર પાજીએ તેમના બંને પુત્રો, સની અને બોબી સાથે ફિલ્મોમાં કામ કર્યું છે. આ સ્પોર્ટ્સ ડ્રામા ૨૦૦૭ માં રિલીઝ થઈ હતી. દેઓલ ઉપરાંત, કેટરિના કૈફ અને શિલ્પા શેટ્ટી પણ દેખાયા હતા. અનિલ શર્મા ફિલ્મના દિગ્દર્શક હતા. જોકે આ જોડીએ ત્યારબાદ યમલા પગલા દીવાના, જે બોક્સ ઓફિસ પર હિટ હતી, સાથે બધાનું મનોરંજન કર્યું હતું, ભૂતપૂર્વ વ્યાવસાયિક હેવીવેઈટ બોક્સર બલદેવ સિંહ ચૌધરીની વાર્તાની સિક્વલની ચર્ચા હતી. એવું કહેવામાં આવતું હતું કે આ ત્રણેયની આ ફિલ્મ પાઈપલાઈનમાં હતી, પરંતુ હવે તે પડતી મૂકવામાં આવી છે.

અલબત્ત, ધર્મેન્દ્ર છેલ્લી વખત ઈક્કીસમાં દેખાશે, પરંતુ ચાહકો જાણવા માટે ઉત્સુક હતા કે તેમના મૃત્યુ પછી અપને ૨ નું શું થશે. શું અનિલ શર્મા ફક્ત બોબી અને સની દેઓલ સાથે વાર્તા ચાલુ રાખશે? શું ફિલ્મ પણ બનશે? એવું કહેવામાં આવ્યું હતું કે આ વખતે આ ફિલ્મ દેઓલ પરિવારની ત્રણ અલગ અલગ પેઢીઓને દર્શાવશે. પરંતુ હવે એક અહેવાલમાં ખુલાસો થયો છે કે અનિલ શર્માએ ફિલ્મ બનાવવાનો ઈનકાર કર્યો છે. તેમના મતે, ધર્મેન્દ્ર વિના તે અશક્ય હશે. તેમણે કહ્યું, "અપને 'અપને' વગર શક્ય નથી. ધરમજી વગર સિક્વલ બનાવવી અશક્ય છે. બધું જ ટ્રેક પર હતું, અને સ્ક્રિપ્ટ તૈયાર હતી, પરંતુ તેઓ આપણને છોડીને ચાલ્યા ગયા. કેટલાક સપના હંમેશા અધૂરા રહે છે. તેમના વિના આ શક્ય ન હોત. દિગ્દર્શક અનિલ શર્માએ ધર્મેન્દ્ર પાજી સાથે હુકુમત, આઈલાન-એ-જંગ, ફરિસ્તે, તહલકા અને અપને સહિત ઘણી અન્ય ફિલ્મોમાં કામ કર્યું છે. ધર્મેન્દ્ર અને તેમના બે પુત્રો 'અપને ૨' માટે ફરી સાથે આવવાના હતા, જેની જાહેરાત ઘણા વર્ષો પહેલા કરવામાં આવી હતી. જોકે, આ ફિલ્મ ક્યારેય શરૂ થઈ ન હતી. અને હવે દિગ્દર્શકે પુષ્ટિ આપી છે કે તે ક્યારેય બનશે નહીં.

# ટાઇગર શ્રોફ સાથે હવે અભિનેત્રી મીનાક્ષી ચૌધરી જોડી જમાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

આ વર્ષે ટાઈગર શ્રોફની એક મોટી ફિલ્મ 'બાગી ૪' રિલીઝ થઈ હતી. પરંતુ ટીઝર બહાર આવ્યા ત્યારથી, દ્રશ્યોને ચોરી તરીકે ઓળખવામાં આવી રહ્યા હતા. આ જ કારણ છે કે, જ્યારે ફિલ્મ આખરે રિલીઝ થઈ, ત્યારે ફિલ્મ ખાસ કશું ઉકાળી શકી ન હતી. હવે, તેના માટે એક મોટી ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે.

આ એક નવી મ્યુઝિકલ એક્શન એન્ટરટેઈનર છે, જેમાં ટાઈગર એ અભિનેત્રી સાથે જોડાયો છે જેણે તાજેતરમાં જ જોન અબ્રાહમની 'ફોર્સ ૩' ને નકારી કાઢી હતી. દક્ષિણ ભારતીય નિર્માતા દિલ રાજુ આ ફિલ્મને ભંડોળ પૂરું પાડી રહ્યા છે, જે તેના હિન્દી ફિલ્મ વ્યવસાયનો પણ વિસ્તાર કરી રહ્યા છે.

હકીકતમાં, દક્ષિણ અને બોલિવૂડ સતત સાથે કામ કરી રહ્યા છે. કેટલીક ફિલ્મોને નુકસાન થયું છે, જ્યારે કેટલીક ફિલ્મોને નોંધપાત્ર નફો પણ થયો છે. જોકે, ટાઈગર શ્રોફ હાલમાં દિલ રાજુ માટે જે ફિલ્મ પર કામ કરી રહ્યો છે તે એક્શન અને સંગીત આધારિત વાર્તા હશે. તે એક ઉચ્ચ-ઊર્જા મિશ્રણ બનવાનું આયોજન છે.

તાજેતરમાં, જોન અબ્રાહમની ફિલ્મ ફોર્સની જાહેરાત કરવામાં આવી હતી. બાદમાં એવું બહાર આવ્યું હતું કે હર્ષવર્ધન રાણે પણ તેનો ભાગ હશે. મીનાક્ષી ચૌધરીને મુખ્ય અભિનેત્રી તરીકે ફાઈનલ કરવામાં આવી હતી. જોકે, એવા અહેવાલો બહાર આવ્યા હતા કે અભિનેત્રી તારીખ અને ફીના મુદ્દાઓને કારણે ફિલ્મમાંથી ખસી ગઈ છે. તે ફક્ત એક હિન્દી ફિલ્મ માટે જ સમાચારમાં નથી. તેણીને અક્ષય કુમારની ભાગમ ભાગની સિક્વલમાં પણ કાસ્ટ કરવામાં આવી છે, જેનું નિર્માણ ટૂંક સમયમાં શરૂ થશે.

દરમિયાન, ટાઈગર શ્રોફની નવી ફિલ્મનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ એક્શન મ્યુઝિકલની વાર્તા ગુપ્ત રાખવામાં આવી છે. જોકે, હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ ફિલ્મમાં ટાઈગર એક નવા અવતારમાં દેખાશે, જેમાં મજબૂત સંગીતમય પ્રવાહ હશે. મીનાક્ષી ચૌધરી અને ટાઈગર શ્રોફ પહેલી વાર સાથે જોવા મળશે, અને આ જોડીને એક તાજગીભરી પસંદગી માનવામાં આવે છે. ફિલ્મના દિગ્દર્શકનો પણ ટૂંક સમયમાં ખુલાસો કરવામાં આવશે, અને તે પછી જ ખબર પડશે કે ફિલ્મ ક્યારે ફ્લોર પર આવશે.

# દક્ષિણ સુપરસ્ટાર પ્રભાસની ૩૦૦ કરોડની ફિલ્મમાંથી અભિનેતા બોબી દેઓલ બહાર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

દક્ષિણ સુપરસ્ટાર પ્રભાસ પાસે હાલમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સ છે. તે આવતા વર્ષની શરૂઆતમાં ધ રાજા સાબ સાથે વાપસી કરશે. તેની છેલ્લી ફિલ્મ, કલ્કી ૨૮૯૮ એડી, ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી. પ્રભાસે તાજેતરમાં જ બીજી ફિલ્મ "સ્પિરિટ" પર કામ શરૂ કર્યું છે. સંદીપ રેડ્ડી વાંગા આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. ઘણા કલાકારો પહેલાથી જ સાઈન કરી ચૂક્યા છે. તાજેતરમાં જ એવું બહાર આવ્યું હતું કે મોહનલાલ ઉપરાંત રણબીર કપૂર પણ ફિલ્મમાં કેમિયો કરશે. પરંતુ બોબી દેઓલને કેમ બહાર કરવામાં આવ્યો છે? અને પ્રભાસનો સામનો કરવા માટે ૫,૦૦૦ કિલોમીટર દૂરથી કોણ આવી રહ્યું છે.

સંદીપ રેડ્ડી વાંગાની પાછલી ફિલ્મ 'એનિમલ' હતી, જેમાં બોબી દેઓલે રણબીર કપૂર સાથે ખલનાયકની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મે વિશ્વભરમાં ૯૧૫ કરોડની કમાણી કરી હતી. આ જ કારણ છે કે જ્યારે પ્રભાસની ૩૦૦ કરોડની 'સ્પિરિટ' વિશે ચર્ચા શરૂ થઈ, ત્યારે વાંગાના મનમાં બોબી દેઓલ હતો. પરંતુ પછીથી, તેમણે પોતે જ આ અભિનેતાને ફિલ્મમાંથી કાઢી મૂક્યો. તેમના સ્થાને કોને ફાઈનલ કરવામાં આવ્યો છે?

ઘણા સમય પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે પ્રભાસની 'સ્પિરિટ'માં દક્ષિણ કોરિયન અભિનેતા ડોન લીને કાસ્ટ કરવામાં આવ્યો છે. જ્યારે તૃપ્તિ ડિમરી, વિવેક ઓબેરોય, પ્રકાશ રાજ અને કંચના પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાના છે, ત્યારે ડોન લી પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પરંતુ હવે એવું બહાર આવ્યું છે કે શરૂઆતમાં બોબી દેઓલને આ ભૂમિકા માટે વિચારવામાં આવ્યો હતો.

જોકે, બાદમાં તેમણે પ્રભાસની ફિલ્મમાં એક નવો ચહેરો લેવાનું નક્કી કર્યું, જેને ચાહકોએ ભારતીય પડદા પર પહેલાં ક્યારેય જોયો ન હતો.

શરૂઆતમાં બોબી દેઓલનું નામ વિચારવામાં આવ્યું કારણ કે અભિનેતાને 'એનિમલ' પછી અપાર પ્રેમ મળ્યો હતો. જોકે, આ વખતે, કંઈ પણ એ જ રીતે કરવાનું નહોતું.

કેટલાક અહેવાલો એવું પણ સૂચવે છે કે, સંદીપ રેડ્ડી વાંગા પ્રભાસની સામે એક સંપૂર્ણપણે નવો ચહેરો ઈચ્છતા હતા. જોકે, ચાહકો માટે સૌથી મોટી ભેટ એ છે કે પ્રભાસ અને રણબીર કપૂર એક જ ફ્રેમમાં જોવા મળશે. તે ફિલ્મમાં એક મહત્વપૂર્ણ તબક્કે પ્રવેશ કરશે, જે વાસ્તવિક વળાંક લાવશે. આ બંને પહેલાં ક્યારેય કોઈ ફિલ્મમાં સાથે જોવા મળ્યા નથી.

# ધરમપુર રાજચંદ્ર આશ્રમના પેવેલિયન ઉપર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીમંડળના સભ્યો અને સનદી અધિકારીઓ સાથે બલ્લેબાજી કરી





**મંત્રી મંડળ અને સનદી અધિકારીઓની કુલ ચાર ટીમ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ: સનદી અધિકારીઓ માટે સ્પેશિયલ મેનેજમેન્ટ ગેમ્સનું પણ આયોજન કરાયું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ' થીમ આધારિત પ્રારંભ થયેલી રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરના પ્રથમ દિવસે સંધ્યા સમયે આશ્રમના પેવેલિયનમાં મંત્રીશ્રીઓ અને સનદી અધિકારીઓ માટે ક્રિકેટ સહિત વિવિધ માઈન્ડ ગેમ્સનું આયોજન થયું હતું. જેમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ઉત્સાહભેર ભાગ લઈ બોલિંગ અને બેટિંગ કરી સાથી સભ્યો અને સનદી અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના ખુશનુમા માહોલમાં પેવેલિયન ખાતે ટર્ફમાં મંત્રી મંડળ અને સનદી અધિકારીઓનો કુલ ચાર ટીમ નર્મદા ઈલેવન, તાપી ઈલેવન, સાબરમતી ઈલેવન અને માહી ઈલેવન વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ હતી. આ સમયે મેદાન પર આવી પહોંચેલા મુખ્યમંત્રીશ્રીએ સાબરમતી ઈલેવન અને માહી ઈલેવન ટીમના ખેલાડીઓ સાથે પરિચય કરી ગ્રુપ ફોટો પણ પડાવ્યા હતા. બાદમાં મુખ્યમંત્રીશ્રીએ સૌપ્રથમ બેટિંગ હાથ અજમાવતા શાનદાર ક્રિકેટ પરફોર્મન્સ આપ્યું હતું.

આ સમયે મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલે બોલિંગ કરી હતી અને મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ફિલ્ડિંગ કરી હતી. મંત્રીશ્રી કુંવરજી બાવળિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેટિંગ બાદ મુખ્યમંત્રીશ્રીએ બોલિંગ ઉપર પણ હાથ અજમાવ્યો હતો. ક્રિકેટ મેચમાં ઉત્સાહવર્ધક દેખાવ કરી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિકાસની મેચમાં પણ વિજયી થાય એવી ભાવના વ્યક્ત કરી હતી.

આ સાથે જ સનદી અધિકારીઓ માટે લીડરશીપ, ટીમવર્ક અને સતર્કતા માટે પેવેલિયન ઉપર મેનેજમેન્ટ ગેમ્સનું આયોજન થયું હતું. જેમાં રનિંગ ટીક ટેક ટો, ફ્લોર મેઝ પઝલ સોલવિંગ અને અવેરનેસ ગેમ્સ તમામ સનદી અધિકારીઓએ આનંદ માણી સ્ફૂર્તિ અને ઉર્જાનો અનુભવ કર્યો હતો.

# ચીખલી તાલુકા પંચાયતની તમામ ૨૮ બેઠકોની અનામત કેટેગરી જાહેર થતાં રાજકીય વાતાવરણ ગરમાયું

## ૨૮ પૈકી ૧ અનુસૂચિત જાતિ, ૧૯ અનુસૂચિત જનજાતિ, ૩ ઓબીસી અને ૫ સામાન્ય બેઠકનો સમાવેશ થાય છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૭**

ચીખલી તાલુકા પંચાયતની તમામ ૨૮ બેઠકોની અનામત કેટેગરી જાહેર થઈ જેમાં એક અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે ૧૯, ઓબીસી ૩ અને સામાન્યમાં ૫ બેઠકનો સમાવેશ થાય છે. આ બેઠકોની કેટેગરીમાં અનુસૂચિત આદિજાતિમાં આલીપોર, ચીખલી, દેગામ, ઢોલુમ્બર, સમરોલી, સિયાદા, તલાવચોરા, તેજલાવ, વંકાલ જયારે અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે આમધરા, ચાસા, ઘેજ, કાંગવઈ, કુકેરી, માંડવખડક, નોગામા, પીપલગભણ, રાનકુવા, સાદકપોર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ફડવેલ, ગોડથલ જયારે આ કેટેગરીમાં સ્ત્રી અનામત માટે બામણવેલનો સમાવેશ થાય છે. ઉપરાંત સામન્ય માટે સારવણી અને વાંઝણા જયારે સામન્ય વર્ગમાં સ્ત્રી માટે રાનવેરીકલ્લા, રૂમલા અને સાદડવેલનો સમાવેશ થાય છે. જયારે અનુસૂચિત જાતિ એકમાત્ર ખૂંધ બેઠક જાહેર કરવામાં આવી છે. બેઠકોની અનામત કેટેગરી જાહેર થયા ચૂંટણી લડવા થનગની રહેલા કેટલાકની આશા પર પાણી ફરી વળતા કહી ખુશી કહી ગમ જેવો ઘાટ સર્જવા પામ્યો છે.

# ખેલ મહાકુંભ ૨૦૨૫: શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવની વિદ્યાર્થીનીઓનું ખોખોમાં શાનદાર પ્રદર્શન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

ગુજરાત રાજયના ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત આયોજિત ખોખો સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ, વાપીની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. તાલુકા કક્ષાથી માંડી જિલ્લા કક્ષા સુધીની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીનીઓએ પોતાની પ્રતિભા અને કુશળતાનો પરિચય આપ્યો હતો.

તાલુકા કક્ષાની ખોખો સ્પર્ધાનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ, વાપી ખાતે જ કરવામાં આવ્યું હતું. અન્ડર ૧૪ અને અન્ડર ૧૭ વર્ગની વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાની ટીમોએ તાલુકા કક્ષામાં પ્રથમ સ્થાન મેળવીને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રવેશ મેળવ્યો હતો.

જિલ્લા કક્ષાની ખોખો સ્પર્ધાનું આયોજન કૈલાશ ઓવારા માધ્યમિક શાળા, પારડી સાંઢપોર, વલસાડ ખાતે યોજાયું હતું. આ સ્પર્ધામાં ગુરુકુળ સલવાવની વિદ્યાર્થીનીઓએ જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. અન્ડર ૧૪ વર્ગની ટીમે ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો, જ્યારે અન્ડર ૧૭ વર્ગની ટીમે બીજો ક્રમાંક મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સૌથી વધુ ગૌરવની વાત એ છે કે આ સ્પર્ધામાં ભાગ લેનારી વિદ્યાર્થીનીઓમાંથી કુલ ૧૩ વિદ્યાર્થીનીઓની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. આ સિદ્ધિ શાળાના પીટી શિક્ષકોનું માર્ગદર્શન અને વિદ્યાર્થીનીઓની મહેનતનું પરિણામ છે.

આ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શાળાના ટ્રસ્ટી કપિલ સ્વામીજી, સર્વે ટ્રસ્ટી ગણ, કેમ્પસ એકેડેમીક ડિરેક્ટર ડૉ.શૈલેષ લુહાર, એડમિન ડિરેક્ટર હિતેન ઉપાધ્યાય તથા શાળાના તમામ આચાર્યો અને શિક્ષક ગણે વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. શાળા વતી વિદ્યાર્થીનીઓને આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ડાંગ કોંગ્રેસ દ્વારા નશાખોરી વિરુદ્ધ કલેક્ટરને આવેદનપત્ર અપાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૨૭**

ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સ્નેહલ ઠાકરેની આગેવાનીમાં ગુજરાત અને ડાંગમાં બેફામ રીતે ચાલી રહેલા દારૂ, ડ્રગ્સ, ચરસ અને ગાંજાના વેચાણ સામે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું છે. ગુજરાતને મહાત્મા ગાંધીજીના મૂલ્યોથી વિપરીત ''નશાખોરીનું એપિસેન્ટર'' બનતું અટકાવવા માટે કોંગ્રેસે સરકારની નિષ્ફળતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, છેલ્લાં ૩૦ વર્ષના ભાજપ શાસન દરમિયાન ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂ સહેલાઈથી મળે છે, અને દરિયા કિનારો તથા મેટ્રો શહેરો ડ્રગ્સ-ચરસનું પ્રવેશદ્વાર બન્યા છે. કોંગ્રેસે આ સ્થિતિને ભાજપની ''ઉડતા ગુજરાત''ની ભેટ ગણાવી છે.

આંકડા રજૂ કરતાં જણાવાયું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં હજારો કિલો ડ્રગ્સ પકડાયું છે, પરંતુ મોટા કિસ્સાઓમાં કોઈને સજા થઈ નથી. થરાદના શિવપુર ગામની મહિલાઓએ પણ ખુલ્લેઆમ નશાના સેવનની રજૂઆત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને કરી હતી, જેના પરથી સ્પષ્ટ થાય છે કે બુટલેગરો ખુલ્લેઆમ ''ગાંધીનગર સુધી હપ્તો'' પહોંચાડવાની શેખી મારે છે. કોંગ્રેસે દારૂ-ડ્રગ્સના વેપલામાં ભાજપના મોટા માથાઓની સંડોવણીનો આક્ષેપ કર્યો છે. મુખ્ય માંગણી: મહિલા સુરક્ષા અને દારૂબંધીની કડક અમલવારી કરવા માટેની માંગણી સાથે કોંગ્રેસે લાંચિયા અધિકારીઓને ખુલ્લા પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# વલસાડ જિલ્લામાં તાલુકા કક્ષાના યુવા ઉત્સવ કાર્યક્રમોનું આયોજન કરાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

વલસાડ જિલ્લામાં તાલુકા કક્ષાના યુવા ઉત્સવ કાર્યક્રમો યોજાશે. જે અંતર્ગત ધરમપુર તાલુકામાં તા.૨૮-૧૧-૨૦૨૫ સવારે ૦૯.૦૦ કલાકે આદર્શ નિવાસી શાળા, બામટી, પારડી તાલુકામાં ૦૩-૧૨-૨૦૨૫ સવારે ૦૯.૦૦ કલાકે ડી.સી.ઓ હાઈસ્કૂલ, પારડી, વલસાડ તાલુકામાં ૦૪-૧૨-૨૦૨૫ સવારે ૦૯.૦૦ કલાકે સર્વોદય હાઈસ્કૂલ, સેગવી, ઉમરગામ તાલુકામાં ૦૬-૧૨-૨૦૨૫ સવારે ૦૯.૦૦ કલાકે એમ.એમ.હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના યુવા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. વાપી અને કપરાડા તાલુકાના યુવા ઉત્સવ સ્પર્ધાના આયોજનની જાણ તારીખ નક્કી થયા બાદ કરવામાં આવશે એમ વલસાડ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# નવસારીમાં ભત્રીજાએ કાકાનો કાન બચકું ભરી છૂટો પાડ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવસારી,તા.૨૭**

નવસારીમાં ભત્રીજાએ કાકાના કાન પર બચકું ભરીને છૂટો કરી નાખ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નવસારીમાં કાકા અને ભત્રીજા વચ્ચે ઘણાં સમયથી તકરાર ચાલતી હતી. જેમાં કાકાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ભત્રીજાની માતા અને બહેન વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. ચાલી આવતી ઝઘડાની સમજૂતી માટે પોલીસે બંને પક્ષના પરિવારને બોલાવ્યા હતા. તેવામાં માતા અને બહેન વિશે કાકાએ અભદ્ર ટિપ્પણી કરી હોવાનું જાણતાં ભત્રીજાએ કાકા પર હુમલો કર્યો હતો. જેમાં રોષે ભરાયેલા ભત્રીજાએ કાકાના કાન પર ખતરનાક રીતે બચકું ભર્યું હતું. સમગ્ર બનાવમાં પીડિત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં પીડિત વ્યક્તિના કાનનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**SIRની EF વિતરણ અને ડિજિટાઈઝેશનની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ**

# ડાંગ જિલ્લાના મતદાન મથકોના BLOને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૨૭**

મતદારયાદીની ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ ડાંગ જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુ.શાલિની દુહાનના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ હાથ ધરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત SIRની EF વિતરણ અને ડિજિટાઈઝેશનની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ડાંગ જિલ્લાના વિવિધ મતદાન મથકોના BLO ને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યાં હતાં.

જે અન્વયે (૧) ૧૩-જામન્યામાળ-૧ના બી.એલ.ઓ. રવિન્દ્રભાઈ એમ. ખૈરાડ, (૨) ૨૦-સાજુપાડાના બી.એલ.ઓ. અમિતભાઈ એસ. ગાવિત (૩) ૨૬-ભોંગડીયાના બી.એલ.ઓ. ઈન્દીયાભાઈ એસ. મરાલી (૪) ૧૪૪-બિલબારીના બી.એલ.ઓ. રવિન્દ્રભાઈ એમ. ગવળી (૫) ૧૯૧-ધૂળચોંડના બી.એલ.ઓ. છગનભાઈ કે. ગાવિત (૬) ૨૪૩-ટેમ્બ્રુનઘર્ટાના બી.એલ.ઓ. પ્રિયંકાબેન એ. ચૌધરી (૭) ૨૫૩-કુમારબંધના બી.એલ.ઓ. હરેશભાઈ ડી. ગવળી (૮) ૨૫૭-ચિખલદાના બી.એલ.ઓ. સેવંતાબેન બી. બાગુલ (૯) ૩૧૬-હુંબાપાડાના બી.એલ.ઓ. ઉશાબેન એસ. ઠાકરેનાઓને નિવાસી અધિક કલેક્ટર ડાંગ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડાંગ તેમજ મતદાર નોંધણી અધિકારી, ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, આહવા દ્વારા પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યાં હતાં.

જિલ્લા વહિવટી તંત્રના નિવાસી અધિક કલેક્ટર ડાંગ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડાંગ તેમજ મતદાર નોંધણી અધિકારી, ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, આહવા દ્વારા ડાંગ જિલ્લાના આ BLO ઓની કર્તવ્યનિષ્ઠા અને ઝીણવટભર્યા કામની નોંધ લીધી હતી. આ સન્માનપત્ર દ્વારા તેમની મહેનત, નિષ્ઠા અને ચૂંટણીલક્ષી કામગીરી પ્રત્યેના અસાધારણ સમર્પણને બિરદાવવામાં આવ્યું છે.

**(છેલ્લા પાનાનું ચાલુ) આપણને જે જવાબદારી...**

મેળવેલા નિષ્કર્ષને જાહેર વહીવટ અને સેવાને સરળ બનાવવા અનુરોધ કર્યો હતો. આ ૧૨મી ચિંતન શિબિરમાં વિકસિત ગુજરાતને વધુ દૃઢતા પૂર્વક સાકાર કરવાં જે પાંચ ફોકસ સબજેક્ટ ચર્ચા અને ગ્રુપ ડિશક્શન માટે પસંદ કરવામાં આવ્યા છે તેની વિગતો આપતાં કહ્યુ કે આ વિષયોમાં ક્ષમતા નિર્માણ અને મૂલ્યાંકન, પોષણ અને આરોગ્ય, ગ્રીન ઊર્જા અને પર્યાવરણ, જાહેર સલામતી, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ વગેરેનો સમાવેશ થાય છે.

મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસે જણાવ્યું હતું કે, આ શિબિરનો એક આગવો હેતુ વિકસિત ગુજરાતના ધ્યેયને સાકાર કરવા માટે ક્ષમતા નિર્માણ કરવાનો છે. વિકાસની કેડી પર આગળ વધીએ ત્યારે કામનું ભારણ, કામનો પ્રકાર, જાહેર સેવાની જવાબદારી અને જનતાની આશા અપેક્ષાઓ પણ વધે છે. લોકોની સમસ્યાઓ ઉકેલવાનું અને જનહિતના કાર્યો, યોજનાઓને ઉચ્ચ ક્ષમતા સાથે અમલી બનાવવાના છે એમ ઉમેર્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં પ્રારંભ કરેલી ચિંતન શિબિરની આગવી પ્રણાલી આજે પણ જીવંત રહી છે, ત્યારે ગુજરાતને વિકાસનું મોડેલ બનાવવામાં ચિંતન શિબિરો પણ પાયાના પથ્થર સાબિત થઈ છે એમ જણાવી તેમણે આ ત્રિ-દિવસીય શિબિર સામૂહિક શક્તિથી પ્રગતિની દિશા આપવાનું માધ્યમ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર મિશનની પવિત્ર ભૂમિમાં યોજાઈ રહેલી આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ સચિવો, સનદી અધિકારીઓ મળીને ૨૪૧ જેટલા પ્રતિભાગીઓ ભાગ લઈ રહ્યા છે.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજમાં સંવિધાન દિવસની ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

ગત તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ સંવિધાન દિવસના પવિત્ર અવસરે આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીના આચાર્ય ડૉ.પ્રીતિ ચૌહાણના અધ્યક્ષતામાં સંવિધાનનું પૂજન કરી સંવિધાનના રચયિતા ડૉ.બાબાસાહેબ આંબેડકરજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભારતના લોકતંત્રના મૂલ્યોને આત્મસાત કરી સૌએ આમુખનું પઠન કરી સંવિધાન પ્રત્યે અખંડ નિષ્ઠા અને દેશસેવાની શપથ લીધી. ભારતીય બંધારણે આપણા રાષ્ટ્રને એકતા, અખંડિતતા અને પ્રગતિનો માર્ગ બતાવ્યો છે, અને તે આપણા બધાના અધિકારો, ફરજો અને ન્યાયને પ્રતિબિંબિત કરે છે. બંધારણ ફક્ત એક દસ્તાવેજ નથી, પરંતુ એક પવિત્ર ગ્રંથ છે જે આપણા જીવનનું માર્ગદર્શન કરે છે, આપણને સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયનો અધિકાર આપે છે. તે વિવિધતામાં આપણી એકતાનું પ્રતીક છે અને આપણને આપણા લોકશાહી મૂલ્યો પ્રત્યે જાગૃત કરે છે. ચાલો આપણે બધા આપણા બંધારણના મૂલ્યોને આત્મસાત કરીએ અને એક મજબૂત, પ્રગતિશીલ અને વિકસિત ભારતના નિર્માણમાં આપણું મૂલ્યવાન યોગદાન આપીએ. આ પ્રસંગે સંસ્થાના અધ્યાપક ડૉ.જયંતિલાલ. બી. બારીસ દ્વારા તાલીમાર્થીઓને બંધારણ વિશે સુંદર માહિતી આપવામાં આવી હતી. આમ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મીલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.


**CHANGE OF NAME**

**OLD NAME:** URVESHKUMAR KANUBHAI BHATT
**NEW NAME:** URVESH KANUBHAI BHATT
**ADDRESS:** Govt. Housing Society, Bh. Guj.Indust. Bank, Dadra and Nagar Haveli, Silvassa.

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**નીલામી સૂચના**

નાની દમણ, છપલી શેરી ખાતે નાઈટ માર્કેટમાં ફૂડ કોર્ટ માટે ૦૮ દુકાનોના સંચાલન માટે અનુમતિ આપવા માટે.

ટેન્ડર નં.: 4/459/DT/DMN/NightMarket/FoodCourt/2024-25/625

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnbddtourism@gmail.com Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 16/12/2025

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2025-26/959, Dated: 26/11/2025

**CHANGE OF NAME**

**OLD NAME:** PATEL NAYANKUMAR KRISHNAKANT
**NEW NAME:** NAYAN KRISHNAKANT PATEL
**ADDRESS:** 15/4, SCHOOL FALIA, MOTI VANKAD, DAMAN, District Daman, (UT)

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF NAME FROM PRAMILA SUSHILKUMAR UPADHYAY TO **NEW NAME PRAMILA SUSHIL UPADHYAY**
**ADD.** FLAT NO. K-304, PRAMUKH GARDEN, OPP YOGI HOSPITAL, SILVASSA- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF NAME FROM SUSHILKUMAR UPADHYAY TO **NEW NAME SUSHIL KUMAR UPADHYAY**
**ADD.** FLAT NO. K-304, PRAMUKH GARDEN, OPP YOGI HOSPITAL, SILVASSA- 396230, UT OF DNH&DD

**મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા માટેનું એફિડેવિટ**

દેવકુબેન ચઈતાભાઈ ડોગરકાર, વય 83 વર્ષ, ધર્મે હિન્દુ, વ્યવસાય ઘરકામ, રહે. 050, ગાઢેરપાડા, દાપાડા, વસોના, દાદરા એન્ડ નગર હવેલી હકીકત જણાવી સોગંદખાતે કહું છું કે :
(1) કે મારાં માતા, શ્રીમતી સ્વ. રાતનુબેન નથીયાભાઈ વાડુ નું અવસાન તા. 21/08/1991 ના રોજ સ્થળ ખરરપાડા માં થયેલ હતું.
(2) કે ઉપરોક્ત અવસાનની હકીકત સત્ય છે તથા તેના માટે સત્તાવાર મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા અર્થે આ એફિડેવિટ લખી સોગંદપૂર્વક રજૂ કરું છું.
(3) કે મૃતકના મૃત્યુ સંબંધિત માહિતી નીચે મુજબ છે.
નામ : સ્વ. રાતનુબેન નથીયાભાઈ વાડુ
અવસાન તારીખ : 21/08/1991
અવસાનનું સ્થળ : ખરરપાડા
અવસાન સમયે વય : વર્ષ
(4) હું રજૂઆત કરું છું કે અજાણતા કારણે મારી માતાની મૃત્યુ તારીખ સિલવાસા ના જન્મ અને મૃત્યુયુ રજિસ્ટર દ્વારા જાળવવામાં આવેલા રજિસ્ટરમાં નોંધાઈ શકી નથી અને જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, 1969 હેઠળ જોગવાઈ મુજબ તેમનું નામ ઉપરોક્ત કાર્યાલયમાં નોંધાયેલ હોવું જરૂરી છે. હું વધુમાં રજૂઆત કરું છું કે મારી માતાની મૃત્યુ તારીખ ભારતમાં ક્યાય નોંધાયેલ નથી.
કે ઉપરોક્ત માહિતી સાચી, સાચી અને યથાર્થ છે, કોઈપણ વાત ખોટી નથી.
આથી હું સોગંદપૂર્વક અરજ કરું છું કે મારાં માતા, શ્રીમતી સ્વ. રાતનુબેન નથીયાભાઈ વાડુ માટે મૃત્યુ પ્રમાણપત્ર વિધિવત્ આપશો.

સ્થળ : સેલવાસ
તારીખ :- 23/09/2025
એફિડેવિટ કરનારનું નામ / સહિ
દેવકુબેન ચઈતાભાઈ ડોગરકાર

સહિ/-
એમી જે. શાહ
એડવોકેટ એન્ડ નોટરી
ઘર નં. 1175/1/2, પ્લોટ નં. 262/15, સેલવાસ-396 230. (દા.ન.હ.)


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

### શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરમાં રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

# આપણને જે જવાબદારી મળી છે તેને પૂરી નિષ્ઠાથી નિભાવીએ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**ત્રિદિવસીય ચિંતન શિબિરમાં ક્ષમતા નિર્માણ અને મૂલ્યાંકન, પોષણ અને આરોગ્ય, ગ્રીન ઊર્જા અને પર્યાવરણ, જાહેર સલામતી, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ વિષયો પર સામૂહિક ચિંતન-મંથન કરાશે**








## ગમે તેવી સ્થિતિમાં દ્રઢ મનોબળ અને અડગ વિશ્વાસથી વિકાસની ગતિ અને સામાન્ય માનવીના ભલા માટેના કામોની દિશામાં આગળ વધવા માટે સામૂહિક ચિંતનનું પ્લેટફોર્મ ચિંતન શિબિરો પુરું પાડે છે: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સમયથી આગળનું વિચારીને અને સતત ચિંતન કરીને ગ્લોબલી આગળ રહેવાની સંસ્કૃતિ ચિંતન શિબિર થકી વિકસાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગમે તેવી સ્થિતિ હોય દ્દઢ મનોબળ અને અડગ વિશ્વાસથી વિકાસની ગતિ અને સામાન્ય માનવીના ભલા માટેના કામોની દિશામાં આગળ વધવા માટે સામૂહિક ચિંતનનું પ્લેટફોર્મ આવી ચિંતન શિબિર પૂરું પાડે છે.

મુખ્યમંત્રીશ્રીએ દરેક ચિંતન શિબિરના પ્રારંભમાં પ્રસ્તુત થતા પ્રેરણા ગીત ''મનુષ્ય તું બડા મહાન હૈ''ની વિભાવના માર્મિક રીતે સમજાવતા કહ્યું કે, આપણામાં જે અનંત શક્તિ પડેલી છે તેની તાકાત-ક્ષમતા ઓળખીને પ્રજાના હિતનું કામ સતત કરતા રહેવું તેની પ્રેરણા ચિંતન શિબિરના વિચાર મંથનથી મળે છે.

તેમણે કહ્યું કે, આપણને જે જવાબદારી મળી છે તેને પૂરી નિષ્ઠાથી નિભાવીએ અને લોકોના કામના નિકાલને બદલે ઉકેલ લાવીએ તેવા પોઝિટિવ થિંકીંગથી કાર્યરત રહીએ તો જ ઈશ્વરે આપણને આપેલી જન સેવાની તકને ઉજાળી શકીશું. આ માટે જે કામ કરીએ તેનું મૂલ્યાંકન ચિંતન કરીને તેના પરિણામોનું પણ મંથન સમયાંતરે કરવાની જરૂરિયાત તેમણે સમજાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિંતન શિબિરની ૨૦૦૩માં શરૂઆત કરાવતા કહેલી વાત ''સાથે આવવું શરૂઆત છે, સાથે વિચારવું એ પ્રગતિ છે અને સાથે કામ કરવું એ સફળતા છે'' નો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસનો ધ્યેય ચિંતન શિબિરોથી પાર પડ્યો છે. હવે આપણે વધુ તેજ ગતિ અને શ્રેષ્ઠતા તરફ સાથે મળીને આગળ જવાનું મંથન ત્રણ દિવસની શિબિરમાં કરવું છે.

પૂજ્ય બાપુને પ્રિય ભજન વૈષ્ણવજન તો...નો મર્મ અને અર્થ પણ સમગ્ર સેવા કાળમાં અપનાવીને સૌના કલ્યાણ માટે હંમેશા કર્તવ્યરત રહેવાની તેમણે અપીલ કરી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે આહ્‌વાન કર્યું છે તેમાં ગુજરાતને લીડ લેવા સજ્જ કરવામાં શિબિરનું વિચાર-મંથન ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ કર્યો હતો.

તેમણે ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણીનો અવસર ૨૦૩૫માં આવશે તેને ૨૦૪૭ના વિકસિત ભારત-વિકસિત ગુજરાત માટેનો જે રોડ મેપ આપણે તૈયાર કર્યો છે તેનો એક માઈલસ્ટોન ગણાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ રોડ મેપને પ્રજાની સુખાકારી માટે વધુ ઉપયોગી અને નવીનતા સભર કઈ રીતે બનાવી શકાય તે માટેના પોતાના વિચારો પણ ત્રિદિવસીય શિબિરના ચર્ચા સત્રોમાં મળે તેવી તેમની અપેક્ષા છે.

સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લાએ સ્વાગત પ્રવચન કરી ૧૨મી ચિંતન શિબિરની રૂપરેખા આપી હતી. તેમણે અગાઉ યોજાઈ ગયેલી ચિંતન શિબિરોની યાદોને વાગોળતા જણાવ્યું હતું કે, અગાઉની ચિંતન શિબિરોમાં થયેલી ચર્ચાના આધારે જે ભલામણો થઈ તેના પર નિર્ણય લેવાથી વહીવટમાં ઘણી ગતિ આવી છે.

તેમણે ચિંતન શિબિરના એજન્ડા નક્કી કરવા માટે કરવામાં આવેલા મનોમંથનની વિગતો આપી ઉપસ્થિત ટીમ ગુજરાતના સભ્યો શિબિરમાંથી

-વધુ પેજ નં.૭ પર

## સનદી અધિકારીઓને જનસેવાની ઉત્તમ તક મળી છે, આ તકને ઉચ્ચ ક્ષમતા વિકસાવીને સમાજના નાના માણસોને મદદરૂપ બનો: પૂ. ગુરુદેવ રાકેશજી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ' થીમ આધારિત ૧૨મી ચિંતન શિબિરમાં ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે રાજસભા ગૃહમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુરના સ્થાપક પૂ. ગુરૂદેવ શ્રી રાકેશજીએ આધ્યાત્મિક પ્રવચનમાં સનદી અધિકારીઓને જનસેવાની ઉત્તમ તક મળી છે, ત્યારે આ તકને ઉચ્ચ ક્ષમતા વિકસાવીને સમાજના નાના માણસોને મદદરૂપ બનવા જણાવ્યું હતું. તેમણે જીવનમાં ઉતારવા જેવી ચાર શીખ આપી હતી સાથે જ તનાવમુક્ત જીવન જીવવા માટે મનનીય અને ગહન વિચારો વ્યક્ત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીમંડળના સભ્યો અને સનદી અધિકારીઓએ પ્રવચનને માણ્યું હતું.

શ્રી રાકેશજીએ જણાવ્યું કે, આપણે સ્વીકારી લેવું જોઈએ કે, દરેક બાબતને નિયંત્રિત કરી શકાતી નથી. જે વસ્તુઓ તમારા નિયંત્રણમાં નથી, તેના વિશે ચિંતા કરવાનું છોડી દો. આપણું જીવન સ્ટ્રેસફૂલ બની રહ્યું છે કારણ કે, રોજ નવી ચેલેન્જ, ડેડલાઈન, હાર્ડ વર્ક, સતત તણાવના કારણે માનસિક તણાવ વધી રહ્યો છે. તેની સામે આપણે આપણી આંતરિક શક્તિ અને મજબૂત મનોબળ વધારવાની જરૂર છે, તેનાથી સ્ટ્રેસ લેવલ ઘટી જશે. જીવનમાં ખુશી અને શાંતિ ન ભુલાવી જોઈએ. સમયસર કામ કરવાથી તણાવ ઓછો થાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતનું પઠન કરી શ્રી રાકેશજીએ વધુમાં જણાવ્યું કે, મનોરંજન માટે થિયેટર, એમ્યુઝમેન્ટ પાર્ક અને ટેકનોલોજી સહિત ઘણું બધું છે, છતાં લોકો ડિપ્રેશન, સ્ટ્રેસનો શિકાર બની રહ્યા છે. આત્મહત્યાને કારણે સૌથી વધુ લોકો જીવ ગુમાવી રહ્યા છે. જાહેર જીવનમાં સફળતા મળતી હોય છે પણ અંગત જીવનમાં નિષ્ફળતા મળી રહી છે.

ગુરુદેવ રાકેશજીએ ઉપસ્થિત સૌને અધિકારીઓને જીવનમાં ઉતારવાની ચાર શીખ; ડાહ્યા થવા-દ્રષ્ટિકોણ બદલવા અને ગંભીરતા ઘટાડવા, રમત ગમતને અપનાવવા, કુટુંબમાં સ્નેહભાવ વધારવા, જીવનમાં ખુમારી, આત્મશક્તિ અને આંતરિક આનંદ મેળવવા શીખ આપી હતી.

શ્રી આત્માર્પિત નેમીજીએ સ્વાગત ઉદ્‌બોધન કરી સૌને આવકાર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગુરુદેવ રાકેશજીને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની કામગીરીના નિરીક્ષણ માટે ડુંગરી આવેલ કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીનું સાંસદ ધવલભાઈ પટેલે સ્વાગત કર્યું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

ભારત સરકારના હાઈવે અને પરિવહન કેબિનેટ મંત્રી આજે ગુરુવારે વલસાડ જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા હેલિપેડ ઉપર સાંસદ ધવલભાઈ પટેલે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની કામગીરીના નિરીક્ષણ માટે ડુંગરી ખાતે પહોંચ્યા હતા.

હેલિપેડ પર સ્વાગત ઔપચારિકતા બાદ હાઈવે અધિકારીઓ સાથે મંત્રીનો કાફલો હાઈવેના નિરીક્ષણ માટે નીકળ્યો હતો. વલસાડ જિલ્લામાંથી પસાર થતાં એક્સપ્રેસ-વેના સંદર્ભમાં ખાસ સૂચનો કરી એક્સપ્રેસ-વેની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તેમજ નેશનલ હાઈવે ૪૮ અને પદ્દના નવિનીકરણ તેમજ રિપેરીંગની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય એ માટે વિનંતી કરી હતી. ત્યારબાદ હાઈવેની કામગીરીની સમીક્ષા અધિકારીઓ સાથે કરી તેઓ બપોર પછી હેલિકોપ્ટરથી મુંબઈ જવા નીકળવાના હતા ત્યારે હેલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. તેથી મુંબઈ જવા માટે બાયરોડ સુરત જવા નીકળ્યા હતા. તેઓ સુરત એરપોર્ટથી વિમાન માર્ગે મુંબઈ જવા રવાના થશે.

# વાપીમાં ૫૦ ફૂટ ઊંડા કૂવામાંથી બિલાડીનું સફળ રેસ્ક્યૂ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

આજે વાપીના ચણોદ ગેટ પાસે આવેલા એક જૂના અંદાજે ૫૦ ફૂટ ઊંડા ખંડેર કૂવાથી એક બિલાડીનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. આ કામગીરી લાઈફ રેસ્ક્યૂ ફાઉન્ડેશન અને એનજીઓ કર્તવ્યની સંયુક્ત ટીમ દ્વારા સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી હતી.

જૂની તિરાડો પડેલી દિવાલો અને જૂના કૂવાના કારણે સ્થળની સ્થિતિ ખુબ નાજુક હતી, દિવાલો ક્યારેય પણ ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં હોવાથી સીધું કૂવામાં ઊતરવું જોખમી હતું. આ કારણે એનજીઓ કર્તવ્યની રેસ્ક્યૂ વાન, રોપ, સેફ્ટી બેલ્ટ અને અન્ય સેફ્ટી સાધનોનો ઉપયોગ કરવો ખુબ જ જરૂરી બન્યો હતો.

ટીમે સંપૂર્ણ સાવધાની સાથે એક ટ્રેન્ડ વોલન્ટીયરને સેફ્ટી બેલ્ટ પહેરાવી રોપની મદદથી કૂવામાં ઉતાર્યો. વોલન્ટીયરે ખુબ ધીરજ અને કાળજીથી બિલાડીને પકડીને રેસ્ક્યુ બોક્સમાં મૂકી ઉપર ખેંચાવ્યું.

લગભગ અડધો કલાક ચાલેલી મહેનત પછી બિલાડીને કોઈ ગંભીર ઈજા વિના સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી અને તેની હાલત નોર્મલ જોવા મળી. બાદમાં તેને સુરક્ષિત સ્થળે મુક્ત કરવામાં આવી અને ટીમે નાગરિકોને અપીલ કરી કે એવા બનાવોમાં તરત જ અધિકૃત રેસ્ક્યૂ સંસ્થાઓનો સંપર્ક કરે જેથી જીવ જોખમમાં ન પડે.

# વલસાડ નાની તાઈવાડમાં ઘરેથી ગાંજાનું વેચાણ કરતી મહિલા ઝડપાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વલસાડ જિલ્લામાં ગેરકાયદે પ્રતિબંધિત ગાંજાનું નેટવર્ક અલગ અલગ વિસ્તારમાંથી વારંવાર ઝડપાતું રહ્યું છે તેવો વધુ એક બનાવ વલસાડના નાની તાઈવાડ મુલ્લાવાડી વિસ્તારમાં બન્યો હતો. પોલીસે રેડ કરતા ઘરમાંથી ગાંજાનું વેચાણ કરતી આરોપી મહિલાની અટક કરી હતી.

વલસાડ સીટી પોલીસને મળેલી બાતમી આધારે ગતરોજ વલસાડના નાની તાઈવાડ મુલ્લાવાડી વિસ્તાર સ્થિત એક મકાનમાં રેડ કરી હતી. પોલીસે ઘરમાં પેટીપલંગમાં છુપાવાયેલ ૧.૪૬ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ગાંજાનો જથ્થો રાખનાર આરોપી મહિલા સુલતાનાબેનની પોલીસે અટક કરીને રૂા.૭૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

# વાપી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રેલવે પુલનો સવાલ ગાજ્યો: મંથરગતિથી ચાલી રહેલી કામગીરી લોકો પરેશાન

**પુલ નિર્માણમાં થઈ રહેલી ઢીલાસથી બિંબના સળીયા જંગ ખાઈ ગયા છે, પુલની આવરદા પર સવાલ ઉઠ્યા**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વાપી મામલતદાર કચેરીમાં કલેક્ટરની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ સ્વાગત કાર્યક્રમમાં આઠ જેટલા સવાલો રજૂ થયા હતા તે પૈકી મુખ્ય સવાલ રેલવે ફલાય ઓવરબ્રિજની કામગીરીને લઈ ઉઠેલા સવાલો પ્રમુખ રહ્યા હતા.

સ્વાગત કાર્યક્રમમાં કલેક્ટર ભવ્ય વર્માએ અરજદારોના સવાલો સાંભળ્યા હતા. કાર્યક્રમમાં પૂછાયેલા આઠ સવાલો પૈકી મહત્ત્વનો સવાલ રેલવે ફલાય ઓવરબ્રિજનો રહ્યો હતો. ચલા મોહિદ ટાવરમાં રહેતા ફરહાન બોગાએ પુલનો સવાલ રજૂ કર્યો હતો. પુલને ૨૦૨૨માં તોડી પડાયો હતો. ત્રણ વર્ષ ઉપરાંત નો સમય વિતી ગયો છતાં પુલની ચાલી રહેલી મંથર ગતિની કામગીરીને લઈને સ્થાનિક લોકો પરેશાન થઈ રહ્યા છે. આ બાબતે જવાબદાર અધિકારીઓને પૂછવામાં આવે છે તો તેના જવાબ આપી રહ્યા નથી. પુલ સાથે પુલની આવરદા અંગે પણ સવાલ ઉપસ્થિત થયો હતો. કારણ કે કામ વિલંબથી થઈ રહ્યું છે ત્યારે જે તે સમયે ઉભા કરાયેલ પુલ પિલ્લરના સળીયા પણ જંગ ખાઈ ચૂક્યા છે. જે ગંભીર છે. ફરહાન બોગાએ પુલની મજબુતી અંગે સવાલ સ્વાગત કાર્યક્રમમાં મહત્ત્વનો રહ્યો હતો. તદઉપરાંતના સવાલોમાં વોર્ડ નં.૮ અલકાપુરીમાં પેવરબ્લોક નવા અથવા સીસી રોડ બનાવવાની રજૂઆત થઈ હતી. શાકભાજી માર્કેટની મારામારી, કુંભારવાડમાં વાવાઝોડાથી કુદરતી રીતે પડી ગયેલા મકાન સહિતના આઠ સવાલ રજૂ થયા હતા. જેના ઘટતા જવાબ અને નિરાકરણની હૈયાધારણ અપાઈ હતી. સ્વાગત કાર્યક્રમમાં અન્ય વિભાગના અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ મુલ્લાવાડી વિનાયક કૃપા ફલેટમાં ફસાઈ ગયેલા વૃધ્ધાનું ફાયર વિભાગ ટીમે રેસ્ક્યૂ કર્યું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વલસાડ મુલ્લાવાડી વિસ્તારમાં આવેલ એક ફ્લેટમાં ૮૦ વર્ષીય વૃધ્ધા ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર ટીમે ઘટના સ્થળે રેસ્ક્યુ ઓપરેશન કરી દરવાજો ખોલી વૃધ્ધાને ઉગાર્યા હતા.

સમાજમાં ક્યારેક વડીલો ઘરમાં એકલા હોય, ખાસ કરીને શારિરીક રીતે અપંગ હોય તેવા વડીલો કોઈવાર વિચિત્ર મુશ્કેલીમાં મુકાઈ જતા હોય છે. કંઈક તેવી



ઘટના આજે ગુરૂવારે વલસાડના મુલ્લાવાડી વિસ્તારમાં આવેલ વિનાયક કૃપા બિલ્ડીંગની બી વિંગના ફ્લેટ નં.૧૦૨માં ઘટી હતી. ફ્લેટમાં મહેશભાઈ દેસાઈની ૮૦ વર્ષિય માતા રંજનબેન એકલા હતા. તેઓ મુકબધીર છે. અચાનક તેમનાથી ફ્લેટનો મેઈન ગેટ બંધ કરાઈ ગયો હતો તે દરમિયાન દિકરી જમાઈ અચાનક આવી ચઢેલા. ફ્લેટ ખોલવાનો પ્રયત્ન કરેલો પણ ફ્લેટ ખુલ્યો નહી તેથી પરિસ્થિતિનો તાગ આવી ગયો હતો. તુરંત ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી મહામુશીબતે ફ્લેટનો મુખ્ય દરવાજો ખોલ્યો હતો. અંદર ભરાઈ ગયેલા વૃધ્ધાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું.

# વાપીમાં ચાલી રહેલ એસઆઈઆરની કામગીરીમાં મતદારોની મદદે ભાજપ કાર્યકરો જોડાયા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વલસાડની જનતા ભારત સરકારના ચૂંટણી પંચ દ્વારા SIR (Special Intensive Revision) ની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરાઈ રહી છે, જે અંતર્ગત આજરોજ વાપી શહેર ખાતે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શિલ્પેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી શહેરના બુથ ઉપર જઈ એસ.આર.આઈ કામગીરી હાથ ધરવામાં આવી અને જેમને પણ ફોર્મ નામ મળ્યા હોય એમને ફોર્મ પહોંચાડી મતદાતાઓ પાસે ફોર્મ ભરવાની કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં વાપી શહેર ભાજપ મહામંત્રી વિરાજભાઈ દક્ષિણી, વાપી નગરપાલિકા પૂર્વ નગરસેવક મિતેશભાઈ દેસાઈ, નેહલબેન દેસાઈ, વાપી શહેર કોષાધ્યક્ષ દેવેન્દ્ર પટેલ કાર્યકર્તાઓ બિમલભાઈ શાહ, દિવ્યેશભાઈ ભગત, વિપુલભાઈ, શન્નિભાઈ ભગત, તેમજ બીએલઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કામગીરી હાથ ધરી હતી.